સુવિચાર

હિંમત એટલે શું? એનો અર્થ એ કે પરિણામની પરવા કર્યા વિના તમે કાર્યસિદ્ધિ માટે મથ્યા રહો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



હુડકો ક્વાર્ટરમાં ગૃહકલેશથી કંટાળીને પત્નીએ પુત્રો સાથે મળીને પતિની હત્યા કરી P-4

Year-16, Issue-187 ■ DATE : 21-11-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમદાવાદ સહિત ગુજરાતના મુખ્ય શહેરોની હવા ઝેરી બની

**અમદાવાદમાં AQI ૨૪૦, તો વડોદરામાં ૨૨૦ નોંધાયોઃ પ્રદૂષણના ઊંચા સ્તરને જોતાં નાગરિકોને બીમારીઓથી બચવા માટે માસ્ક પહેરવાની સલાહઃ અમદાવાદ અને રાજકોટમાં છેલ્લા પાંચ વર્ષનો રેકોર્ડ તૂટયો**



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૨૦૦ને પાર થતાં હવા ઝેરી બની છે, જે ગુણવત્તાને 'ખરાબ' શ્રેણીમાં મૂકે છે. મુખ્ય શહેરોમાં અમદાવાદમાં AQI ૨૪૦ અને વડોદરામાં AQI ૨૨૦ નોંધાયો છે, જે લોકોનાં સ્વાસ્થ્ય માટે ચિંતાનો વિષય છે. પ્રદૂષણના ઊંચા સ્તરને જોતાં નાગરિકોને બીમારીઓથી બચવા માટે માસ્ક પહેરવાની અને ખાસ કરીને હવામાં પ્રદૂષણ વધુ હોય એવા સમયગાળા, જેમ કે વહેલી સવારે અને રાત્રે બહાર જવાનું ટાળવું જોઈએ.

અમદાવાદમાં શિયાળાની શરૂઆત સાથે જ હવામાનમાં પ્રદૂષણનો સ્તર ચિંતાજનક રીતે વધી રહ્યો છે. આજે પણ શહેરમાં વહેલી સવારે AQI ૨૪૦ નોંધાયો હતો, જે સિવિયર કન્ડિશનમાં પહોંચી ગયો હતો. વેબસાઈટ મુજબ નવેમ્બર મહિનામાં પણ પ્રદૂષણનો વધતો ટ્રેન્ડ ચાલુ રહ્યો છે. દિવાળી બાદ છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં AQI ૨૦૦થી વધુ નોંધાતાં શહેરની હવાની ગુણવત્તા ઘટતી જોવા મળી છે, જોકે ઓક્ટોબર મહિનામાં પણ આ જ પરિસ્થિતિ જોવા મળી હતી. ખાસ કરીને દિવાળી બાદના દિવસોમાં માં તેજ વધારો જોવા મળ્યો હતો.

નવેમ્બર ૨૦૨૫માં AQIની વાત કરીએ તો અમદાવાદ અને રાજકોટમાં તો છેલ્લાં પાંચ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. ગુજરાતનાં મહાનગરોમાં નવેમ્બર મહિનામાં AQIમાં કેટલો વધારો થયો છે અને અનહેલ્થી સ્તરે પહોંચેલા આ સ્તરને કારણે દર્દીઓને અને સામાન્ય લોકોની હેલ્થને લઈ તબીબો શું કહી રહ્યા છે એ જાણીએ.

વડોદરા શહેરમાં પણ એર ક્વોલિટી ઈન્ડેક્સમાં વધારો થઈ રહ્યો છે, જે હવામાં પ્રદૂષણના સ્તરનો વધારો દર્શાવે છે. ૨૧ નવેમ્બરે સૌથી વધુ ૨૨૦ AQI નોંધાયો હતો.

સુરતમાં અમદાવાદ અને વડોદરાની સરખામણીએ AQIનો સ્તર ઓછો છે, જોકે ૨૧ નવેમ્બરે સુરતમાં સવારે AQI ૨૦૬એ પહોંચ્યો હતો.

રાજકોટમાં પણ છેલ્લા અઠવાડિયા દરમિયાન ૧૫૦ને પાર AQI પહોંચ્યો છે. ૨૧ નવેમ્બરે રાજકોટમાં સૌથી વધુ ૨૦૪ AQI નોંધાયો હતો, જે છેલ્લાં પાંચ વર્ષમાં નવેમ્બર મહિનામાં સૌથી વધુ છે.

એમડી મેડિસિન ડોક્ટર સહલ શાહે જણાવ્યું હતું કે છેલ્લાં ઘણાં વર્ષોમાં AQIમાં અમદાવાદ શહેરમાં ખૂબ જ ફેરફાર જોવા મળી રહ્યા છે, ખાસ કરીને શિયાળાની ઋતુમાં માં ખૂબ વધારો જોવા મળતો હોય છે. આ AQI ઘણીવાર અનહેલધી અને સિવિયર કન્ડિશનમાં પહોંચી જતો હોય છે, જે આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. AQI વધવાને પાછળ વાહનોનો ધુમાડો કન્સ્ટ્રક્શન સાઈટ રોડ રસ્તાની ડસ્ટ અને બીજા એન્વાયર્નમેન્ટલ ફેક્ટર જવાબદાર હોય છે.

તેમણે વધુમાં આનાથી બચવા માટે પણ જણાવ્યું હતું કે આપણે રેગ્યુલર AQIને ચેક કરતા રહેવું જોઈએ. જો AQI ૧૫૦થી વધુ હોય તો બને એટલું ઘરની બહાર જવું ટાળવું જોઈએ. વૃદ્ધ બાળકો અને પ્રેગ્નટ મહિલાઓ અને શ્વાસના દર્દીઓને ઘરની બહાર જવું ટાળવું જોઈએ. જ્યારે પણ ઘરની બહાર નીકળવાનું થાય છે ત્યારે માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. વાતાવરણના પીએમ ૨.૫ના કણો સિમ્પલ કપડાના માસ્કથી રોકી શકાતા નથી, જેથી N95 માસ્ક પહેરવું જોઈએ.

AQI જાણવા માટે વિવિધ પ્રકારના પ્રદૂષકોનું અવલોકન કરવામાં આવે છે અને એની માત્રા માપવામાં આવે છે. એના માટેની એક સ્ટાન્ડર્ડ પ્રક્રિયા છે. AQIનો સ્તર સૂચવે છે કે વાયુ-પ્રદૂષણ વધી રહ્યું છે કે ઘટી રહ્યું છે. AQIની રેન્જ ૦થી ૫૦૦ વચ્ચે હોય છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૮/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૭/લીટર |
| CNG | રૂ. ૮૪.૧૭/કિલો |




| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૨૪,૩૦૦ | ₹૧,૬૪,૯૦૦ |
| | -૧૦ | -૧૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૮.૬૩ | ₹૧૧૬.૦૧ |

# બિહારમાં કારમી હારબાદ ઈન્ડીયા ગઠબંધનની નાવ હાલકડોલક



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બિહાર ચૂંટણીમાં મળેલી હારની સૌથી મોટી અસર INDIA ગઠબંધન પર પડી રહી હોય તેવું લાગે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગઠબંધનમાં આંતરિક વિભાજન થઈ શકે છે. કેટલાક પક્ષો તેમના અલગ થવાની જાહેરાત પણ કરી શકે છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી, પરંતુ ઘણા પક્ષો ખુલ્લેઆમ પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. બિહારમાં, મહાગઠબંધન ફક્ત ૩૫ બેઠકો પર ઘટી ગયું હતું, જ્યારે ગઠબંધનનું નેતૃત્વ કરતી કોંગ્રેસ ફક્ત છ બેઠકો સુધી મર્યાદિત રહી હતી. પાર્ટીએ કુલ ૬૧ બેઠકો પર ચૂંટણી લડી હતી.

તળણમૂલ કોંગ્રેસ ગઠબંધનના નેતળત્વ માટે કોંગ્રેસને સતત પડકાર આપી રહી છે. તળણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, શિવસેના અને આમ આદમી પાર્ટીએ સાથે મળીને ઘણી વખત સંસદમાં સ્થાનિક મુદ્દાઓને પ્રાથમિકતા આપી છે. આનાથી લોકસભામાં ૯૯ સાંસદો હોવા છતાં ગઠબંધનમાં કોંગ્રેસનું વર્ચસ્વ પણ ઘટયું છે. રણનીતિકારો માને છે કે INDIA ગઠબંધનના ઘટક પક્ષોને બેઠક વહેંચણી અંગે પરસ્પર સમજૂતી કરવાની જરૂર પડશે. આમ કરવામાં નિષ્ફળતા ૨૦૨૬ ની વિધાનસભા ચૂંટણીઓને અસર કરશે. કારણ કે કોંગ્રેસ તમિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીમાં અન્ય પક્ષો સાથે ગઠબંધનમાં ચૂંટણી લડે છે.

૨૦૨૭ માં, કોંગ્રેસને હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને ગુજરાતમાં ભાજપ સાથે સીધી સ્પર્ધાનો સામનો કરવો પડશે. જો કે, આ ચૂંટણીઓમાં સારું પ્રદર્શન કરવા માટે, પાર્ટીએ ગઠબંધન રાજ્યોમાં પોતાને સાબિત કરવું પડશે. જો પાર્ટી આ ચૂંટણીઓમાં સારું પ્રદર્શન કરે છે, તો તે એવા રાજ્યોમાં ભાજપને હરાવી શકે છે જ્યાં સીધી સ્પર્ધા છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે INDIA ગઠબંધન માટે સૌથી મોટો અને સીધો પડકાર સમાજવાદી પાર્ટી તરફથી આવી રહ્યો છે. CNN News૧૮ સાથે વાત કરતા, વરિષ્ઠ સપા નેતા રવિદાસ મેહરોત્રાએ કહ્યું કે અખિલેશ યાદવને INDIA ગઠબંધનનો નેતા બનાવવો જોઈએ, કારણ કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં, તમામ વિપક્ષી પક્ષોએ જોયું કે તેઓ ગઠબંધન માટે કેવી રીતે બલિદાન આપે છે.


તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ચૂંટણી ન લડવા છતાં, યાદવે ૨૬ મોટી રેલીઓને સંબોધિત કરી. તેમણે મૈત્રીપૂર્ણ સ્પર્ધાઓ પર કોંગ્રેસ અને RJD વચ્ચેના અંતરની ટીકા કરી, કારણ કે બંનેએ ૧૩ બેઠકો પર એકસાથે ઉમેદવારો ઉભા રાખ્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસે RJDને ટેકો આપવો જોઈતો હતો. તેમણે કહ્યું કે પાર્ટી ૨૦૨૭ માં ભાજપને હરાવવા સક્ષમ છે. ભારત ગઠબંધનમાં તિરાડની શરૂઆત ઝારખંડ મુક્તિ મોરચાના બિહાર ચૂંટણીમાંથી ખસી જવાથી થઈ શકે છે. ઓક્ટોબરમાં, જેએમએમએ રાજકીય ષડયંત્રનો ઉલ્લેખ કરીને ચૂંટણી ન લડવાનો નિર્ણય લીધો. જેએમએમના વરિષ્ઠ નેતા સુદિવ્ય કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે તેમનો પક્ષ ઝારખંડમાં કોંગ્રેસ અને આરજેડી સાથેના તેના જોડાણની સમીક્ષા કરશે અને આ અપમાનનો જવાબ આપશે.

## લે કર વાતઃ રાજકોટ સહિત અન્ય મહાપાલિકાના રૂ.૨ લાખ કરોડથી વધુના ખર્ચનું ઓડિટ જ બાકી!

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકોએ ભરેલા વિવિધ પ્રકારના વેરાથી ચાલતી ગુજરાતની રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ સહિતની આઠ મહાનગરપાલિકાના રૂા.૨ લાખ કરોડના જે બજેટ છે તેનુ વર્ષોથી 'કેગ'નું ઓડિટ થયું જ નથી અને ખુદ વિધાનસભાએ તે ફરજીયાત બનાવ્યા પછી રાજય સરકાર કે વિધાનસભાના સભ્યો પણ તે ચિંતા કરતા નથી. હાલમાંજ માહિતીના અધિકાર હેઠળ થયેલી એક અરજીમાં આ ઘટસ્ફોટ થયો છે. આમ 'કેગ'ના ઓડિટની જે વૈધાનિક જવાબદારી છે તેનું પણ પાલન થતુ નથી. રસપ્રદ બાબત એ છે કે 'કેગ' દ્વારા આ અંગે અનેક વખત સરકારનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે છતાં પણ તે ચિંતા થઈ નથી. લોકોના ટેક્ષના નાણાથી ચાલતા વહીવટમાં કેવું ધુપ્પલ ચાલે છે તેનો આ નમુનો છે. આ પ્રકારના કેગ ઓડીટ નિયમિત થવું જોઈએ અને તેનો રિપોર્ટ વિધાનસભા સમક્ષ મુકાવો જોઈએ જેથી આ મહાનગરપાલિકાઓના નાણાકીય વહીવટમાં ખોટા ખર્ચ કે વધુ પડતા ખર્ચ હોય કે પછી ભ્રષ્ટાચાર થયો હોય તે બધું ખુલ્લુ પડે છે પણ સૌથી મોટો મુદો એ છે કે રાજય સરકારનું ખુદ જે કેગ ઓડીટ થાય છે તે વિધાનસભાના બજેટ સત્રના અંતિમ દિને અંતિમ કલાકમાં રજૂ કરવાની ઔપચારીકતા પુરી થાય છે અને પછી તેમાં જે મુદાઓ 'કેગ' દ્વારા ઉભા કરાયા હોય તે ભુલી જવાય છે. માહિતીના અધિકાર હેઠળ મેળવવામાં આવેલી માહિતી પરથી જાહેર થયું છે કે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ, સુરત, વડોદરા આ તમામ આઠમાં એક પણ મહાપાલિકાએ 'કેગ'ના ઓડિટની ચિંતા કરી નથી.

# પશ્ચિમ બંગાળ અને આસપાસના વિસ્તારોમાં ૫.૫ની તીવ્રતાના ભૂકંપના આંચકા




**મુખ્ય સમાચાર, કોલકતા**

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકતા અને તેના આસપાસના અનેક વિસ્તારો આજે સવારે ૫.૫ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો લાગ્યો છે અને આ ભૂકંપનું ભૂમિબીંદુ બાંગ્લાદેશમાં હોવાનું જાહેર થયું છે.

અમેરીકી એજન્સીના જણાવ્યા મુજબ બાંગ્લાદેશના નરસિંગેડીમાં આજે સવારે ૧૦.૦૮ મીનીટે ૫.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો લાગ્યો છે અને તેની અસર સાથે જોડાયેલા પશ્ચિમ બંગાળના વિસ્તારોમાં થઈ છે અને કોલકતામાં ભૂકંપના આંચકાના કારણે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને ઘરની બહાર નીકળી ગયા હતા.

સવારે ઓફીસ સહિતના વિસ્તારોમાં પણ ગભરાટ ફેલાઈ ગયો હતો લગભગ ૧૭ સેકન્ડ સુધી આ ભૂકંપના આંચકા ચાલુ રહ્યા છે. જર્મન રીસર્ચ સેન્ટરની માહિતી મુજબ બાંગલાદેશમાં ૫.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો લાગ્યો છે.

આ સાથે પાકિસ્તાનમાં પણ ૫.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હોવાનું જાહેર થયું છે અને તેથી આ ભૂકંપની અસર વ્યાપક હોવાનું માનવામાં આવે છે. હજુ સુધી કોઈ જાનહાનીના અહેવાલ નથી.

# ગોધરામાં મકાનમાં ભીષણ આગ લાગતા પરિવારના ચાર સભ્યોના મોત



**મુખ્ય સમાચાર, ગોધરા**

ગુજરાતમાં કરૂણ બનાવાનો સીલસિલો હોય તેમ એમ્બ્યુલન્સમાં આગતી ચાર લોકોના મોત બાદ આજે ગોધરામાં એક મકાનમાં આગ લાગતા માતા પિતા અને બે યુવાન પુત્રો સહીત ચાર લોકોના મોત થતા અરેરાટી ફેલાઈ હતી.

ગોધરાના વૃંદાવન નગર ૨ વિસ્તારમાં આવેલા એક રહેણાક મકાનમાં આગ લાગતાં એક જ પરિવારના ચાર સભ્યના મોત થયા હતા. સેતુ ક્લબ સામે બનેલી આ ઘટનાથી પંથકમાં શોક વ્યાપી ગયો છે.

પ્રાથમિક માહિતી મુજબ, આજે સવારે સાત વાગ્યાની આસપાસ ઘરના ગ્રાઉન્ડ ફ્લોર પર રાખેલા સોફામાં અચાનક આગ લાગી હતી. આગનો ધુમાડો ઝડપથી સમગ્ર ઘરમાં ફેલાઈ ગયો હતો. મકાનની ચારેય તરફ કાચ હોવાને કારણે ધુમાડો બહાર નીકળી શક્યો ન હતો.

ધુમાડાના ગૂંગળામણથી ઘરમાં હાજર ચારેય વ્યક્તિના મોત થયા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ ઘટના અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ તંત્ર અને સ્થાનિકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ભોગ બનનાર તમામ ચારેય વ્યક્તિને તાત્કાલિક ગોધરાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, આજે સવારે કોલ મળ્યો કે વૃંદાવન બેમાં એક મકાનમાંથી ધૂમાડા નીકળે છે. અમે દરવાજો તોડીને અંદર જઈને જોયું તો નીચે સોફામાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. જેના કારણે ઘરમાં ધૂમાડો બહું હતો. જેના કારણે ચાર લોકોના ગૂંગળામણથી મોત થયા છે.

મૃતકોમાં કમલભાઈ દોષી (ઉં.વ. ૫૦) - પિતા, દેવલબેન દોષી (ઉં.વ. ૪૫) - માતા, દેવ કમલભાઈ દોષી (ઉં.વ. ૨૪) - પુત્ર, રાજ કમલભાઈ દોષી (ઉં.વ. ૨૨) - પુત્રનો સમાવેશ થાય છે.

# SIRએ કોડીનારના શિક્ષકનો ભોગ લીધોઃ કામગીરીથી કંટાળીને કરી આત્મહત્યા

રાજ્યમાં શિક્ષણ જગતને હચમચાવી દેતી એક દુઃખદ ઘટના ગીર સોમનાથના કોડીનારમાં સામે આવી છે. ચૂંટણીલક્ષી કામગીરીના ભારણ અને તણાવને કારણે એક શિક્ષકે આજે ફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. કોડીનારના દેવળી ગામના વતની અને છારા કન્યા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક અરવિંદભાઈ વાઢેરે જીવન ટૂંકાવ્યું છે. મૃતક પાસેથી એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે, જેમાં તેમણે (મતદાર યાદી સુધારણા કાર્યક્રમ) ની કામગીરીના તણાવનો ઉલ્લેખ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર અરવિંદભાઈ વાઢેર ૨૦૧૦થી શિક્ષક તરીકે સેવામાં હતા. હાલમાં શિક્ષકોને BLO (બુથ લેવલ ઓફિસર) તરીકેની કામગીરી સોંપવામાં આવી છે. અરવિંદભાઈએ આપઘાત કરતા પહેલા લખેલી સ્યુસાઈડ નોટમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેઓ ની કામગીરીથી કંટાળી ગયા હતા અને તેના કારણે ઉદ્ભવેલા માનસિક તણાવને લીધે તેમણે આ પગલું ભર્યું છે.

# રિલાયન્સે જામનગર રીફાઇનરી માટે રશિયન ક્રુડતેલની ખરીદી બંધ કરીઃ સત્તાવાર જાહેરાત




**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

અમેરિકા દ્વારા યુક્રેન યુદ્ધના સંદર્ભમાં રશિયાને ભીસમાં મુકવા તેના ક્રુડતેલ વ્યાપારને ઠપ્પ કરવા જે વ્યાપક પ્રતિબંધાત્મક આદેશો જાહેર કર્યા છે તેના ટાર્ગેટમાં ભારત જે રશિયા પાસેથી તેની આવશ્યકતાના ૪૦% જેવું ક્રુડ ખરીદે છે તે પણ છે.

ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફમાં તે મોટો મુદો છે તે વચ્ચે દેશની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ તેના જામનગરની રીફાઈનરી માટે રશિયન ક્રુડતેલ ખરીદી બંધ કરવાની સતાવાર જાહેરાત કરી છે.

કંપનીએ એક નિવેદનમાં જાહેર કર્યુ છે કે તા.૨૦ નવે.થી તેણે રશિયન ક્રુડતેલ ખરીદી બંધ કરી છે તે રસપ્રદ છે કે તા.૨૧થી અમેરિકાએ ભારતમાં સક્રિય રોસનેફટ (નાયરા) સહિત રશિયાની બે ઓઈલ કંપનીઓ પર પ્રતિબંધો અમલી બનાવ્યા છે તેના કલાકો પુર્વે જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ પોતે રશિયન ક્રુડતેલ ખરીદી બંધ કરી હોવાની જાહેરાત કરી હતી.

ભારતનું ૭૦% ઓઈલ આ બે રશિયન કંપની મારફત ખરીદાય છે અને રિલાયન્સ તેનો જામનગર રીફાઈનરી માટે રોજના ૫ લાખ બેરલ ખરીદી છે. આ કંપની નાયરા જે ગુજરાતમાંજ વાડીનાર પાસે અગાઉથી એસ્સારની રીફાઈનરી ધરાવે છે.

અમેરિકાએ રશિયન ક્રુડતેલ મુદે ભારત પર વધારાના ટેરિફ લાદયા છે જે કુલ ૫૦% ટેરિફનો ભાગ છે. રિલાયન્સ ક્રુડતેલ રીફાઈન કરી પેટ્રોલ-ડિઝલ સહિતના ઉત્પાદનો યુરોપમાં વેચે છે તે હવે નોન-રશિયન ક્રુડતેલ મારફત આગળ વધારશે.

અમેરિકાએ રશિયાને ઝુકાવવા યુરોપને પણ તેની ક્રુડતેલ-ગેસ માટે જે રશિયા પર આધાર છે તે તબકકાવાર બંધ કરવા જણાવ્યું છે. રિલાયન્સના જણાવ્યા મુજબ છેલ્લે તા.૨૦ નવે. રશિયન ક્રુડતેલ કાર્ગો તેની રીફાઈનરીમાં આવ્યુ હતું અને રિલાયન્સે તેના આ અંગેના તમામ કરાર પુરા કર્યા છે. છેલ્લે રશિયાથી ૧૨ નવે. રિલાયન્સ માટે ક્રુડતેલ કાર્ગો રવાના થયો હતો. રિલાયન્સ એ એક જ સ્થળે આવેલી ૧.૪ બિલિયન બેરલ પ્રતિ દિવસ ક્રુડતેલ રિફાઈન કરતું દુનિયાનું સૌથી મોટું યુનિટ છે. જો કે ભારતની સરકારી ખરીદી હજું રશિયા કેન્દ્રીત છે પણ અમેરિકા પાસેથી એલપીજી વિ. ખરીદી પણ શરૂ કરી છે. જો કે તબકકાવાર રશિયન ક્રુડતેલ ખરીદી સરકારી રિફાઈનરીઓએ પણ ઘટાડી છે.

# ભાઈ-બહેન અને લિવ-ઇન પાર્ટનરને હવે સિંગલ હેલ્થ પોલિસીમાં સામેલ કરી શકાશે




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશનું આરોગ્ય વીમા બજાર વધુ સમાવિષ્ટ થતું દેખાય છે. વીમા કંપનીઓએ સિંગલ રિટેલ આરોગ્ય વીમા પોલિસી હેઠળ આવરી લેવામાં આવતા પરિવારના સભ્યોની યાદીનો વિસ્તાર કર્યો છે. અહેવાલો અનુસાર, વ્યાપક આરોગ્ય વીમા યોજનાઓ હવે પોલિસીધારકોને ભાઈ-બહેન અને લિવ-ઈન પાર્ટનરનો સમાવેશ કરવાની મંજૂરી આપે છે. આ સુવિધા અગાઉ મોટાભાગના રિટેલ ઉત્પાદનોમાં ઉપલબ્ધ નહોતી.

અત્યાર સુધી, છૂટક આરોગ્ય વીમા પોલિસી ફક્ત જીવનસાથી, બાળકો, માતાપિતા, સાસરિયાં અને દાદા-દાદીને આવરી લેતી હતી. પરિણામે, જે પરિવારો ભાઈ-બહેન સાથે રહે છે અથવા લિવ-ઈન સંબંધો શેર કરે છે તેઓ નાણાકીય અને આરોગ્ય જવાબદારીઓ શેર કરતા ન હતા. આ સિસ્ટમ આધુનિક ભારતની વાસ્તવિક પરિસ્થિતિઓમાં બંધબેસતી નહોતી. મહાનગરોમાં, મોટી સંખ્યામાં નાના ભાઈ-બહેનો એક જ ઘરમાં રહે છે અને ખર્ચ શેર કરે છે, જ્યારે લિવ-ઈન યુગલો લાંબા સમયથી સમાન આરોગ્ય કવરેજ ઈચ્છતા હતા. આ ફેરફાર વધુ વ્યવહારુ રીતે આરોગ્ય સુરક્ષા પ્રદાન કરશે.

કેન્દ્ર સરકાર વીમા કંપનીઓ પર પ્રીમિયમ મર્યાદા લાદવા સહિત, આસમાને પહોંચતા આરોગ્ય વીમા પ્રીમિયમને નિયંત્રિત કરવા માટે કડક પગલાં લેવાનું વિચારી રહી છે. ડિસ્ક્લોઝર નિયમો પણ કડક બનાવવામાં આવી રહ્યા છે. સરકારે અનેક દરખાસ્તો રજૂ કરી છે, જેમાં નવી પોલિસી પર વીમા એજન્ટ કમિશન ૨૦% અને નવીકરણ પર ૧૦% સુધી મર્યાદિત કરવા અને હોસ્પિટલ સારવ-ાર પેકેજ દરો પર નિયંત્રણો લાદવાનો સમાવેશ થાય છે. આ દરખાસ્તો વીમા નિયમનકાર, IRDAને સુપરત કરવામાં આવી છે.

IRDA એ કેટલીક વીમા કંપનીઓ દ્વારા કરવામાં આવતી જાહેરાતો સામે સખત વાંધો ઉઠાવ્યો છે જે દાવા સમાધાનના આંકડા ખૂબ ઊંચા દર્શાવીને લોકોને ગેરમાર્ગે દોરે છે. નિયમનકારે જણાવ્યું હતું કે ઘણી કંપનીઓ દાવા સમાધાન ગુણોત્તરની ગણતરી કરવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે, જેના કારણે જાહેરાત કરાયેલા આંકડા અને ઓડિટ કરેલા ડેટા વચ્ચે નોંધપાત્ર વિસંગતતા જોવા મળે છે. IRDAએ વીમા કંપનીઓને પારદર્શક દાવા-પતાવટ ગુણોત્તર ગણતરીઓ સુનિશ્ચિત કરવા માટે એક પ્રમાણિત ફોર્મ્યુલા વિકસાવવા કહ્યું છે. હાલમાં, કંપનીઓ આંશિક ચુકવણીમાં પણ ફેક્ટરિંગ કરી રહી છે. એક સર્વે મુજબ, મોટાભાગના કિસ્સાઓમાં પોલિસીધારકોને આંશિક ચુકવણી મળી છે.

# જામનગર BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે મહંતસ્વામી મહારાજના સાંનિધ્યમાં વિરાટ સંમેલન યોજાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર BAPS સ્વામિનારાયણ મંદિર, ખાતે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના સાંનિધ્યમાં વિરાટ યુવા સંમેલન ૩૦૦૦ થી વધુ યુવક - યુવતીઓ અને ૧૫,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શાનદાર રીતે સફળતાપૂર્વક પૂર્ણ થયું.યુવાનોના વ્યક્તિત્વ નિર્માણ, સંસ્કાર સંવર્ધન અને સકારાત્મક જીવનમૂલ્યોને પ્રેરણા આપવાના હેતુથી યોજાયેલ આ સંમેલનમાં જામનગર, ખંભાળિયા તથા જામજોધપુર ભાણવડ ભાદરા સહિત વિવિધ શહેરોથી મોટી સંખ્યામાં યુવકો અને યુવતીઓ ઉપસ્થિત રહ્યા.આ યુવા સંમેલનમાં પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય વક્તા પૂજ્ય અપુર્વમુનિ સ્વામી દ્વારા ''પર્મનેન્ટ પર્સનાલિટી'' વિષય પર રસપ્રદ PPTને આધારે અત્યંત પ્રેરણાદાયી અને અસ્મિતા પ્રેરક પ્રવચન આપવામાં આવ્યું. સ્વામીએ યુવાનોને ચરિત્ર,સમયનો સદુપયોગ, સંસ્કાર, ટેકનીકનો યોગ્ય ઉપયોગ, પરિવાર મૂલ્યો અને જીવનમાં આધ્યાત્મિકતા જેવા મુદ્દાઓથી જ શાશ્વત પર્સનાલિટી બને છે તે સુપેરે સમજાવ્યું.કાર્યક્રમમાં હાજર હજારો યુવાનો અને યુવતીઓ પ્રતિનિધિઓએ BAPS સંસ્થાની સેવાભાવી, સંસ્કારવર્ધક અને યુવાનમૈત્રી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી.પ્રવચન બાદ યુવાનોએ અમારા યુવાનોનું કોણ ? વિષયક પારસમણી સંવાદની અતિ સુંદર રજૂઆત કરી. BAPSના યુવાનોએ નૃત્ય કરી દીવડાની રોશની અને આતશબાજીથી પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજને યુવા સંમેલનમાં વધાવ્યા હતા.હજારો યુવાનોના પ્રતિનિધિ સ્વરૂપે કેટલાક યુવાનોએ વિવિધ પ્રાર્થનાઓ રજૂ કરી હતી. કાર્યક્રમની ચરમ સીમા રૂપે પૂજ્ય અપૂર્વમુનિ સ્વામી અને પૂજ્ય અક્ષરતિલક સ્વામીએ યુવા સમસ્યાના સચોટ સમાધાન પ્રશ્નોત્તરીના માધ્યમથી પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ પાસેથી પ્રાપ્ત કર્યા.સભામાં હાજર હજારો યુવક - યુવતીઓ વતી પૂજ્ય સંતોએ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજને કલાત્મક હાર અને શાલ અર્પણ કરીને વધાવ્યા. અંતે, સૌએ અક્ષર પુરુષોત્તમ મહારાજ ની સમૂહ આરતી માં પૂજ્ય મહંતસ્વામી મહારાજ ના દિવ્ય સાનિધ્યમાં જોડાયા. યુવા સંમેલનના અંતે હજારો યુવક - યુવતીઓએ પારસમણી સમાન સંત મહંત સ્વામી મહારાજના સંગે વ્યસન , વિલાસ અને વિકારથી મુક્ત સુવર્ણ જેવા બની ભારતનું નામ રોશન કરવાના શુભ સંકલ્પો કર્યા હતા અને સૌએ અત્રે મહાપ્રસાદ ગ્રહણ કરી યુવાનો માટે નિસ્વાર્થભાવે સેવા કરનાર BAPS સંસ્થાની સાચા હૃદયથી પ્રશંસા કરી હતી.

# મોરબી જીલ્લા કક્ષાની બાળ પ્રતિભાશોધ સ્પર્ધાના ફોર્મ ૩૦ નવેમ્બર સુધી ભરી શકાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીનાં માર્ગદર્શન હેઠળ જીલ્લા યુવા વિકાસ અધિકારી, મોરબી દ્વારા જીલ્લા કક્ષાની બાળ પ્રતિભાશોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા માટે ઇચ્છુક વિદ્યાર્થીઓએ ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ફોર્મ ભરી આપવાનું રહેશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વયમર્યાદા અનુસાર ત્રણ વિભાગો નક્કી કરવામાં આવ્યા છે. વિભાગ ''અ'' માં ૭ થી ૧૦ વર્ષના, વિભાગ ''બ'' માં ૧૦ થી ૧૩ વર્ષના અને ખુલ્લા વિભાગમાં ૭ થી ૧૩ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. ત્રણેય વિભાગોમાં મળીને કુલ ૨૦ કલાત્મક અને સાહિત્યિક કૃતિઓનો સમાવેશ થાય છે, જેમાં વક્તૃત્વ, નિબંધ, સર્જનાત્મક કારીગરી, એકપાત્રીય અભિનય, ચિત્રકલા, લગ્નગીત, લોકવાદ્ય સંગીત ઉપરાંત લોકવાર્તા, લોકગીત, સમૂહગીત, ભજન, દોહા-છંદ-ચોપાઈ અને લોકનૃત્ય વગેરેનો સમાવેશ થાય છે. પ્રતિભાગીઓએ નિર્ધારિત નમૂનાનું ફોર્મ ભરી તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધી કચેરીના કામકાજના દિવસો અને સમય દરમિયાન જીલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, રૂમ નં. ૨૩૬/૨૫૭, ૨જો માળ, તાલુકા સેવા સદન, લાલબાગ, મોરબી ખાતે જમા કરાવવાનું રહેશે. સમયમર્યાદા પછી મળનાર અથવા અધૂરી માહિતી ધરાવતા ફોર્મ સ્વીકારવામાં નહીં આવે, તેમ જીલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# ઉનાના નાલીયા માંડવી ગામે લેન્ડગ્રેબિંગનો ગુનો દાખલ થતા ખડભરાટ મચી જવા પામ્યો

## પાંચ ઈસમો સામે થઈ ફરિયાદ જિલ્લા કલેકટરીએ કર્યો હુકમ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકામાં જમીન માફીઆઓ કોઈની પણ જમીન પર કબજો કરી અને પચાવી પાડતા હોય છે જેમાં ગુજરાત સરકાર અસરકારક કામગીરી પણ કરતી હોય છે જેમાં ૨૦20 લેનગ્રેબિંગનો કાયદો આવ્યો ત્યારે જમીન કે પ્લોટ પચાવી પાડતા માફીઓમાં આ કાયદાને લઈને ખભરાટ મચી ગયો જ્યારે આજે સમજીએ કે શું છે

લેનગ્રેબિંગ એટલે માલિકીની જમીન પર કબજો થયો હોય ત્યારે માલિક પોતાના પુરાવા જિલ્લા કલેકટરશ્રીને ઓનલાઇન મફતે એક રજૂઆત કરે છે અને તેમાં એક સમિતિ બેઠે છે અને તેમાં એક નિર્ણય લેવામાં આવે છે ત્યારે સંપૂર્ણ ચુકાદો આવે છે તાલુકાના નાલીયા માંડવી ગામે રહેતા ફરિયાદી અબ્દુલ ભાઈ કાલુ ભાઈ ફરિયાદી અલીમંમદ ભાઈ કાળુભાઈ બંનેના પ્લોટ પર કબજો કરવામાં આવ્યો હતો તેઓએ જિલ્લા કલેકટરને ઓનલાઈન મફતે એક રજૂઆત કરી હતી જેમાં ગુજરાત જમીન પચાવી પાડનાર પ્રતિબંધ સમિતિ દ્વારા કાર્યવાહી કરવામાં આવી જેમાં પાચ ઈસમો સામે જે લોકોએ પ્લોટ પચાવી પાડ્યા હતા તે લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે જેમાં આરોપી (૧) ફાતૂનબેન મામદ સુમરા (૨) હુસેન મામદભાઈ સુમરા (૩) દાદુભાઇ મહમદભાઈ સુમરા (૪) યાકુબભાઈ મામદભાઈ સુમરા (૫) મમદુભાઇ જમાલભાઈ સુમરા તેમના વિરુદ્ધ લેન્ડગેબિનનો ગુનો દાખલ થતાં જમીન માફિયાઓમાં ખડભરાટ મચી જવા પામ્યો છે આ કાર્યવાહી થતા લોકો આ કાર્યવાહીને બિરદાવી રહ્યા છે

# જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કેતન ઠક્કર દ્વારા SIR અન્વયે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર BLOsનું સન્માન કરાયું





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં અન્વયે મતદાર યાદી સુધારણા, ડિજિટાઇઝેશન સહિતની કામગીરીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બૂથ લેવલ ઓફિસરોને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કેતન ઠક્કર દ્વારા સન્માનિત કરીને એક નવતર અને પ્રોત્સાહક પહેલ કરવામાં આવી છે. કલેક્ટરશ્રીએ સન્માનિત કરાયેલ દ્વારા એકત્ર કરાયેલા અને વિતરણ કરાયેલા ફોર્મની સંખ્યા, ડિજિટાઇઝેશન થયેલા ફોર્મની વિગતો અને કામગીરીની ટકાવારી જેવી માહિતી મેળવી તેમની ઉત્કૃષ્ટ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને તેમને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.સન્માનિત થયેલા બુથ લેવલ ઓફિસરમાં ૭૬ કાલાવડ વિધાનસભા મતવિસ્તારના ભાગ નં. ૯૮ ધ્રોલ-૭૫ના BLO જયશ્રીબેન તાળાનો સમાવેશ થાય છે, જેમણે કુલ ૧,૪૭૩ મતદારો પૈકી મેપિંગ તેમજ તા.૧૯/૧૧/૨૦૨૫ સુધીમાં ૫૫૪ મતદારોનું ડિજિટાઇઝેશન કરીને ઉત્કૃષ્ટ કામગીરી કરી છે અને ટાર્ગેટ મુજબ દરરોજ ૧૦૦ મતદારોનું ડિજિટાઇઝેશન કર્યું છે. તેવી જ રીતે, ૭૬ કાલાવડ વિધાનસભા મતવિસ્તારના ભાગ નં. ૧૦૫ વાંકિયા-૨ના BLO પ્રફુલાબેન બોડાને પણ સન્માનિત કરાયા, જેમણે ૧,૦૪૮ કુલ મતદારો પૈકી ૭૯.૮૦%નું મેપિંગ કરી, તા.૧૯/૧૧/૨૦૨૫ સુધીમાં ૭૬૪ મતદારોનું ડિજિટાઇઝેશન કરીને ૭૨.૯૦% જેટલી ઉચ્ચ કામગીરી પૂર્ણ કરી છે.તેમણે પણ ટાર્ગેટ મુજબ દરરોજ ૧૦૦ મતદારોનું ડિજિટાઇઝેશન કર્યું હતું.આ ઉપરાંત, ૭૭ જામનગર ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારના ભાગ નં. ૧૩૭ લાખાબાવળ.૧ના BLO સોજિત્રા દિલિપકુમારે કુલ ૧૩૦૩ મતદારો પૈકી ૮૦૯ મતદારોનું મેપિંગ કરી ૬૨.૦૯% અને ૬૭૩ મતદારોનું ડિજિટાઇઝેશન કરી ૫૧.૬૫% કામગીરી કરેલ છે, અને તેમણે પણ ટાર્ગેટ મુજબ દરરોજ મતદારોનું ડિજિટાઇઝેશન કર્યું હતું.એક અન્ય કિસ્સામાં, કલેક્ટરએ BLO કોમલબેન અડવાણીના બૂથની આકસ્મિક મુલાકાત લીધી હતી અને એક અરજદાર તરીકે પ્રસ્તુત થયા હતા. તેમણે કોમલબેન દ્વારા મતદારોને સમજાવવાની અને તેમને મદદ કરવાની સમગ્ર કામગીરીને નિહાળી તેમના સંતોષકારક કાર્યને બિરદાવી તેમનું પણ સન્માન કર્યું હતું.આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, ૭૬ કાલાવડ વિધાનસભા બેઠકના મતદાર નોંધણી અધિકારી અને પ્રાંત અધિકારી સ્વપ્નિલ સિસલે, ૭૭ જામનગર ગ્રામ્ય બેઠકના મતદાર નોંધણી અધિકારી અને ગ્રામ્ય પ્રાંત અધિકારી બ્રિજેશ કાલરીયા, અને ૭૯ જામનગર દક્ષિણ બેઠકના મતદાર નોંધણી અધિકારી અને જિલ્લા પુરવઠા અધિકારી સુધીર બારડ ઉપસ્થિત રહી BLOs દ્વારા કરાયેલ વિશિષ્ટ કામગીરીને પ્રોત્સાહિત કરી હતી.

# જામનગર ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી જામનગર ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં આવેલ કુલ ૧૦ પ્રશ્નો પૈકી ૮ પ્રશ્નોનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરી અરજદારોની સમસ્યાનું નિરાકરણ લવાયું હતું.જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોની સમસ્યાને જિલ્લા કલેક્ટરએ ધ્યાનપૂર્વક સાંભળી હતી.ઉપરાંત વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ચોક્કસ સમય મર્યાદામાં પ્રશ્નોના નિકાલ લાવવા સૂચના આપી હતી.સાથે જ્યાં જરૂર જણાઈ ત્યાં વિભાગોનું અરસ પરસ સંકલન કરી અરજદારનો પ્રશ્ન ઝડપથી હલ થાય તે માટે પ્રયાસો કર્યા હતા.આ સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે સોસાયટીમાં પાણીનો પૂરતો પુરવઠો મળવો, રી-સર્વે પ્રોમોલગેશન અંગે ક્ષતિ સુધારા કરવા, માર્ગની બંને બાજુ દબાણની માપણી કરવા, સરકારી જગ્યા તથા રોડ પરના બિનઅધિકૃત દબાણો દૂર કરવા, પિયત




માટે અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન નાખવાની મંજૂરી, પોલીસ ફરિયાદને લગતા પ્રશ્નો, વરસાદી પાણી ભરાવાના પ્રશ્ન, જન્મતારીખના દાખલામાં વારસદારમાં નામ ઉમેરવા વગેરે જેવા પ્રશ્નોને કલેક્ટરશ્રીએ સાંભળ્યા હતા તેમજ ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા કરી માનવીય અભિગમ દાખવી ત્વરિત આ પ્રશ્નોનો નિકાલ લાવવા તાકીદ કરી હતી.અરજદારોએ પણ કલેક્ટર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કરી પોતાના પ્રશ્નનું સુખદ સમાધાન થતા હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાંમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક ડો.રવિમોહન સૈની, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર, સંલગ્ન વિભાગોના અધિકારીઓ તથા અરજદારઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજી બ્લુ સ્ટાર સિનેમાની મુલાકાત લેતા લાલા મુવીના કલાકાર કરણ જોશી



**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

આજ રોજ ધોરાજી ખાતે બ્લુ સ્ટાર સિનેમા લાલા મુવીના કલાકાર કરણ જોશી પધાર્યા હતા અને ધોરાજી બ્લુ સ્ટારના માલિક રામભાઈ અને પોરબંદરના ભાજપનાઅગ્રણી કેશુભાઈ ધોરાજી એસપીજીના પ્રમુખ વર્ધમાન ભાઈમાથુકિયા સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી અને લોકોને વધુમાં વધુ આ મુવી જોવા અપીલ કરી હતી અને ધોરાજી બ્લુસ્ટાર સિનેમા ની મુલાકાત લીધી હતી અને મોટી સંખ્યામાં લોકો સેલ્ફી લેવા માટે ઉમટી પડ્યા હતા.

# જામનગર હાપા યાર્ડમાં કપાસની અધધ આવક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર હાપા માર્કેટીંગ યાર્ડમાં મંગળવારે મગફળીની ૧૬ હજાર ગુણી આવક થતા બુધવારના રોજ મગફળીની આવક બંધ કરી દેવામાં આવી છે જયારે બુધવારના રોજ વ્હાઇટ ગોલ્ડ(કપાસ)ની મબલક આવક થવા પામી છે ૨૨૨૦૦ મણ કપાસની આવક થતા હાપા યાર્ડમાં જાણે સફેદ ચાદર પથરાઇ ગઇ હોય તેવું દેખાઇ રહ્યું હતું કલોંજીના મણના ભાવ ૪૦૦૦ થી ૪૯૦૫ જયારે ડુંગળીના ભાવ ૫૦ થી ૨૧૦ સુધી બોલાયા હતા.હાપા માર્કેટીંગ યાર્ડમાં જુદી જુદી જણસોના ભાવ તરફ દ્રષ્ટીપાત કરીએ તો બાજરી ૩૧૫ થી ૪૬૦, ઘઉં ૪૮૩ થી ૫૪૫, અળદ ૧૦૨૫ થી ૧૨૭૫, વાલ ૩૦૦ થી ૫૪૦, મેથી ૯૦૦ થી ૧૦૯૫, ચણા ૯૦૦ થી ૧૦૮૯, ચણા સફેદ ૧૧૦૦ થી ૧૬૩૦, મગફળી જીણી ૯૦૦ થી ૧૨૭૦, મગફળી જાડી ૮૫૦ થી ૧૧૮૦, મગફળી ૬૬ નં. ૧૦૦૦ થી ૧૪૨૦, મગફળી ૯ નંબર ૧૦૦૦ થી ૧૬૯૫, એરંડા ૧૧૦૦ થી ૧૩૧૩, તલી ૧૭૦૦ થી ૨૫૦૫, રાયડો ૧૦૫૦ થી ૧૩૧૫, લસણ ૪૭૫ થી ૯૪૫, કપાસ ૧૦૦૦ થી ૧૫૦૦, જીરૂ ૩૩૦૦ થી ૪૦૨૦, અજમો




૧૪૫૦ થી ૩૨૦૫, અજમાની ભૂસી ૫૦ થી ૨૦૯૦, ધાણા ૬૦૦ થી ૧૫૩૫, મરચાં ૪૦૦ થી ૨૯૦૦, ડુંગળી સુકી ૫૦ થી ૨૧૦, સોયાબીન ૭૦૦ થી ૯૦૦, વટાણા ૫૦૦ થી ૬૫૫, કલોંજી ૪૦૦૦ થી ૪૯૦૫ સુધીના ભાવ બોલાયા હતા મંગળવારે કુલ જણસ ૩૭૬૬૮ મણ ગુણી ૧૪૬૯૯ જે ૭૯૯ ખેડુતો દ્વારા લાવવામાં આવી હતી. જેમાં ભાવમાં પ્રથમ ક્રમાંકે કલોંજી બીજા ક્રમાંકે જી અને ત્રીજા ક્રમાંકે અજમો નંબર રહયા હતા.

# મોરબી શહેરમાં એકતા પદયાત્રા સાથે દેશભક્તિનો માહોલ સર્જાયો

## નવા બસ સ્ટેન્ડથી મહાનગરપાલિકા સુધી વિશાળ જનમેદની સાથેની એકતા પદયાત્રાને શહેરીજનોએ ઉમંગભેર આવકારી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતીની સમગ્ર દેશમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મોરબી વિધાનસભા મતવિસ્તારમાં વહીવટી તંત્ર દ્વારા શ્રમ અને રોજગાર મંત્રી કાંતિભાઈ અમૃતિયાની પ્રેરક ઉપસ્થિતિમાં એકતા પદયાત્રા યોજાઈ હતી. આ એકતા પદયાત્રામાં મોરબીવાસીઓ ઉમંગભેર જોડાયા હતા. આ એકતા





પદયાત્રા થકી મોરબીમાં દેશભક્તિના માહોલનું સર્જન થયું હતું.

આ તકે મંત્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે, આપણા ગુજરાતના પનોતા પુત્ર એવા સરદાર પટેલે દેશી રજવાડાઓને એક કરી ભારતને અખંડ ભારત બનાવ્યું હતું. આપણા દેશને અખંડિત અને એક રાખ્યું હતું. તેમના આ મહાન પ્રદાનને આપણે સૌ યાદ રાખી તેમનામાંથી પ્રેરણા લઈને ગુજરાતને આગળ વધારવામાં સહયોગ આપીએ. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજાએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. સર્વે ઉપસ્થિતોને સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે આયોજિત એકતા પદયાત્રા અન્વયે સર્વેને શુભેચ્છાઓ પાઠવી હતી.

નવા બસ સ્ટેન્ડથી મહાનગરપાલિકા સુધી આયોજિત આ એકતા પદયાત્રા થકી મોરબીમાં ઉત્સવ અને દેશભક્તિના માહોલનું સર્જન થયું હતું. અનેક જગ્યાઓએ એકતા પદયાત્રાને નિહાળવા અને તેનું અભિવાદન કરવા લોકો રસ્તાઓ ઉપર એકત્ર થયા હતા. આ યાત્રામાં વિશાળ જનમેદની સહભાગી બની હતી, અનેક સમાજના અગ્રણીઓ, વિવિધ સંસ્થાઓ તેમજ શાળાઓએ ઠેર ઠેર આ યાત્રાને ઉમંગભેર આવકારી હતી અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. બાળકોએ દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમોથી આ યાત્રાનું અભિવાદન કર્યું હતું. મોરબીની મુખ્ય બજારમાં વિવિધ વેપારીઓ, સંગઠનોએ આ યાત્રા પર પુષ્પ વર્ષા કરી યાત્રાનું અભિવાદન કર્યું હતું.

ત્યારબાદ મહાનગરપાલિકાના પરિસર ખાતે એકતા શપથ ગ્રહણ કરી આ યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અગ્રણી જયંતીભાઈ રાજકોટિયા, કલેક્ટર સ્વપ્નિલ ખરે, જીલ્લા વિકાસ અધિકારી શૈલેષચંદ્ર ભટ્ટ, નાયબ વન સંરક્ષક ડો.સુનિલ બેરવાલ, પ્રાંત અધિકારી પ્રવિણસિંહ જેતાવત, નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજય સોની, જીલ્લા યુવા વિકાસ અધિકારી હિરલ વ્યાસ, અગ્રણીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ તથા નાગરિકો, વિદ્યાર્થીઓ, સંગઠનના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના ખરેડા ગામે શ્રીમદ રાજચંદ્ર શાળા વિકાસ સંકૂલ દ્વારા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ગણિત પ્રત્યે રસ જાગે તથા તેમની પ્રતિભાને ઓળખ મળે તે હેતુસર રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ શ્રી આર.બી. પટેલ એન્ડ એલ.જી. મહેતા હાઇસ્કૂલ ખરેડા ખાતે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું. કુલ ૨૬ કૃતિઓ સાથે ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શ્રેષ્ઠ કૃતિઓ હવે જીલ્લા કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.

રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક ચિંતનનો વિકાસ થાય અને ગણિત-વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે તેવા ઉદ્દેશ્યથી આ વર્ષે ''બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન''નું શાળા વિકાસ સંકૂલ કક્ષાએ આયોજન કરવામાં આવ્યું હતું. તે અનુસંધાને શ્રીમદ રાજચંદ્ર શાળા વિકાસ સંકૂલ મોરબી દ્વારા તા. ૨૦ નવેમ્બર ૨૦૨૫ ગુરુવારે ખરેડા ગામની શ્રી આર.બી. પટેલ અને એલ.જી. મહેતા હાઈસ્કૂલ ખાતે વૈજ્ઞાનિક પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંકૂલના કન્વીનર સંજીવભાઈ એ. જાવિયાએ માહિતી આપતા જણાવ્યું કે G.C.E.R.T. ગાંધીનગર તથા




જીલ્લા શિક્ષણ તાલીમ ભવન મોરબીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ પ્રદર્શનમાં આ વર્ષે મુખ્ય વિષય સ્ટેમ ફોર વિકસિત એન્ડ આત્મનિર્ભર ભારત રાખવામાં આવ્યો હતો. આ વિષયને અનુરૂપ પાંચ જુદા જુદા વિભાગોમાં કુલ ૨૬ કૃતિઓ રજૂ કરવામાં આવી, જેમાં ૫૨ જેટલા વિદ્યાર્થિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક વિભાગમાં ભાગ લેનાર તમામ બાળ વૈજ્ઞાનિકોને પ્રમાણપત્ર અને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિજ્ઞાન પ્રત્યે વિદ્યાર્થીઓની કુશળતા અને કલ્પનાશક્તિને પ્રોત્સાહિત કરવા માટે તેમની કૃતિઓનું મૂલ્યાંકન નિવૃત્ત શિક્ષકો બી.એમ. ફૂલતરિયા અને એમ.એચ. વડાવિયા દ્વારા કરવામાં આવ્યું હતું. દરેક વિભાગમાં પ્રથમ સ્થાન મેળવતી કૃતિઓ હવે જીલ્લા કક્ષાના પ્રદર્શનમાં ભાગ લેવા માટે જશે. આ પ્રદર્શન નિહાળવા વિસ્તારની વિવિધ શાળાઓમાંથી લગભગ ૨૮૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખરેડા ગામના આગેવાનો તેમજ શાળાના ટ્રસ્ટીઓએ પણ કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર આયોજન શાળાના આચાર્ય ઘનશ્યામભાઈ એમ. કુંડારિયા અને શાળા પરિવાર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કન્વીનર સંજીવભાઈ જાવિયા દ્વારા કરવામાં આવ્યું, તેમજ તેમણે તમામ વિજેતા અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

# વાંકાનેર શીત કેન્દ્રમાં કમ્પ્યુટર સિસ્ટમ સહિત રૂ.૧.૪૫ લાખની ચીજવસ્તુઓનો નાશઃ કર્મચારી સામે પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર અમરસર ફાટક પાસે આવેલા શીત કેન્દ્રની લેબોરેટરીમાંથી કમ્પ્યુટર, વજન કાંટાનું મોડ્યુલ, CCTV કેમેરા, UPS સહિતની ચીજવસ્તુઓ ગુમ થયાની ઘટનામાં તપાસ કરતાં રોજમદાર કર્મચારીએ જ તમામ વસ્તુઓ લઈ સ્લજ ટેન્કમાં નાખી બગાડી હોવાનો ખુલાસો થયો હતો. ત્યારે સમગ્ર બનાવ મામલે કંપનીના મેનેજરે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

વાંકાનેર અમરસર ફાટક પાસે આવેલ શીત કેન્દ્રમાં લેબોરેટરી વિભાગમાંથી કિંમતી ચીજવસ્તુઓ ગુમ થવાના બનાવે ચર્ચા જગાવી છે. ફરીયાદી અશ્વિનભાઈ છગનભાઈ રૈયાણી ઉવ.૪૮ રહે. રાજકોટ મવડી ગામ શ્યામ વાટીકા વાળા જે હાલમાં શીત કેન્દ્રમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે, તેમણે વાંકાનેર સીટી પોલીસ મથકમાં આપેલી ફરિયાદ મુજબ, ગત તા ૧૬ નવેમ્બર રવિવારના દિવસે રાજકોટ પોતાના ઘરે હોય તે દરમિયાન લેબ વર્કર દ્વારા ટેલિફોનિક જાણ કરવામાં આવી કે, લેબોરેટરીમાં રાખેલી કમ્પ્યુટર સિસ્ટમ, વજન કાંટાનુ મોડ્યુઅલ, CCTV કેમેરા, UPS અને NVR જેવી અનેક ચીજવસ્તુઓ જગ્યાએ જોવા મળતી નથી. જેથી તુરંત ફરિયાદી અશ્વિનભાઈ તેમજ લેબ ઇન્ચાર્જ સંદીપ હિરપરા, એમડી કિશન ગાબરા સહિતના સભ્ય શીત કેન્દ્ર પર પહોંચી તપાસ શરૂ કરી હતી. જેમાં કુલ રૂ.૧.૪૫ લાખનો મુદ્દામાલ ગાયબ હોય, પ્રાથમિક તપાસ દરમિયાન શંકા આવતાં રોજમદાર તરીકે કાર્યરત અલ્પેશભાઈ રતીલાલ જોલપરાની પુછપરછ કરવામાં આવી હતી. ત્યારે તેઓને વિશ્વાસમાં લઈ પુછપરછ દરમિયાન આરોપી અલ્પેશભાઈએ સ્વીકાર્યું કે તેમણે જ લેબોરેટરીમાંથી તમામ ચીજવસ્તુઓ કાઢી લઈ શીત કેન્દ્રના સ્લજ ટેન્કમાં ફેંકી દીધી હતી. સ્લજ ટેન્ક તપાસતાં તમામ ચીજવસ્તુઓ તેમાં નુકસાન પામેલી હાલતમાં મળી આવી હતી. હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી અલ્પેશભાઈ રતિલાલ જોલપરા રહે. ગાયત્રી મંદિર પાસે વાંકાનેર વાળા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી કેન્દ્રીય ગૃહમંત્રીના પ્રવાસ કાર્યક્રમના રૂટ ઉપર ૧૦૦ મીટરના એરીયામાં ''નો ડ્રોન, નો ફલાય ઝોન''તરીકે જાહેર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ આગામી તા.૨૧/૧૧ના રોજ ૧૫ કલાકે '' દરિયાલાલ ચેમ્બર્સની સામે ભક્તિનગર સર્કલ શકત શનાળા રોડ મોરબી ખાતે ''શ્રી કમલમ''નાં લોકાર્પણ માટે પધારનાર હોય, ત્યારે હાલની તેમની ''Z+ મુજબની સુરક્ષા સલામતીને ધ્યાને લઇ, ગૃહમંત્રીના પ્રવાસ રૂટ ઉપર તથા કાર્યક્રમ સ્થળ ખાતે ''નો ડ્રોન'' તથા અન્ય ''નો ફલાય ઝોન''' અંગેનું જાહેરનામું એસ.જે.ખાચર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, મોરા દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

તા.૨૧/૧૧ના રોજ ૧૫/ કલાકે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના મોરબી જીલ્લાના સમગ્ર પ્રવાસ કાર્યક્રમ દરમિયાન પ્રવાસ રૂટ ઉપર તથા હેલીપેડ (શ્રી જોગ અન્નક્ષેત્ર સેવા આશ્રમની સામે રવાપર ઘુનડા રોડ મોરબીની આજુબાજુના ૧૦૦ મીટરના એરીયામાં તેમજ કાર્યક્રમ સ્થળ (''શ્રી કમલમ'', દરિયાલાલ ચેમ્બર્સની સામે, ભક્તિનગર સર્કલ, શકત શનાળા રોડ, મોરબીની આજુબાજુ સમગ્ર વિસ્તારમાં ''નો ડ્રોન'' UAV (Unarmed Aerial Vehicle) ''ફલાઈ ઝોન'' જાહેર કરી UAV (Unarmed Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઇલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઇક્રોલાઇટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઇડર જેવા સંશાધનો ચલાવવા પર મનાઈ ફરમાવાઈ છે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાની અમલવારી તા.૨૧/૧૧ના ૨૪ કલાક સુધી અમલમાં રહેશે.

# મોરબીના મકરાણીવાસમાં તીનપત્તિનો જુગાર રમતા ૭ ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર પોલીસ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મકરાણીવાસ વિસ્તારમાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે નાસટબ આધારિત પૈસાની હારજીતનો જુગાર રમતા બસીરભાઈ સલીમભાઈ ચાનીયા ઉવ.૩૨ રહે. મતવા ચોક ગ્રીન ચોક મોરબી, સોહીલભાઈ હાઝીભાઈ મલેક ઉવ.૨૧ રહે. બોરીચાવાસ જેલચોક, નિરવભાઈ સુભાષભાઇ મિરાણી ઉવ.૩૨ રહે. દલવાડી સર્કલ આવાસ યોજના ચાર માળીયા મોરબી, રમીઝભાઈ હુસેનભાઇ ચાનીયા ઉવ.૨૮ રહે.કાલિકા પ્લોટ મોરબી, આરીફ અલીખાન સીપાઈ ઉવ.૨૪ રહે.હુડકો ક્વાર્ટર પરસોત્તમ ચોક પછાલ મોરબી, ફારૂક જુમાભાઈ શાહમદાર ઉવ.૩૫ રહે.મકરાણીવાસ મોરબી તથા દાઉદશા રહિમશા દિવાન ઉવ.૩૭ રહે. મકરાણીવાસ મોરબી વાળાને રોકડા રૂ.૬,૩૦૦/- સહિતના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી લઈ પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટની એ.જી.ઓફિસ ખાતે ‘‘ઓડિટ જાગૃતિ સપ્તાહ‘‘નો શુભારંભ

## શપથગ્રહણ-સ્લોગન-નિબંધ સ્પર્ધા યોજાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની એકાઉન્ટન્ટ જનરલની કચેરી ખાતે આજે ‘‘ઓડિટ જાગૃતિ સપ્તાહ‘‘નો શુભારંભ થયો હતો.

ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપપ્રાગટયથી કાર્યક્રમનો શુભારંભ થયા બાદ એકાઉન્ટન્ટ જનરલ અનુભવ કુમારે સ્વાગત પ્રવચનમાં ઓડિટ જાગૃતિ સપ્તાહ દરમ્યાન યોજાનારા વિવિધ કાર્યક્રમોની રૈપરેખા આપી હતી. અને કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ઉત્સાહપૂર્વક વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો.

એડીશનલ ડેપ્યુટી કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ એચ.કે.ધર્મદર્શીએ ઉપસ્થિતોને શપથ લેવડાવ્યા હતા. ‘‘ઓડિટ જાગૃતિ સપ્તાહ‘‘ અન્વયે આજે સ્લોગન સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધા યોજાઇ હતી, જેના વિજેતાઓને મહાનુભાવોના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. ૨૮મી નવેમ્બર સુધી ચાલનારી આ સાપ્તાહિક ઉજવણી અંતર્ગત ચિત્ર સ્પર્ધા, નિવૃત્ત અધિકારીઓ, સ્ટાફ સાથે સંવાદ કાર્યક્રમ, તિજોરી કચેરીના સ્ટાફ-અધિકારીઓ માટે વર્કશોપ, ઓડિટ વોક, ,ક્વીઝ કોમ્પિટિશન, સ્ટ્રેસ મેનેજમેન્ટ, રંગોળી, આંતરિક વર્કશોપ, એ.જી. કચેરીની કામગીરી અંગે જાગૃતિ લાવવા વિવિધ કોલેજ અને યુનિવર્સિટીમાં કચેરીની ટીમ દ્વારા પ્રેઝેન્ટશન, કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણીના કાયદા - પોશ એક્ટ અંગે જાગૃતિ કાર્યક્રમ, મેડિકલ કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરેનું આયોજન કરાયું છે.

આ શુભારંભ કાર્યક્રમમાં પ્રિન્સિપલ ડાયરેકટર ઓફ લોકલ ગવર્નન્સ કલ્યાણકુમાર કીર્તનીયા, નાયબ એકાઉન્ટ જનરલ સર્વ ડેનીશ ડેનિયલ, પ્રતીક પાટીલ, વી. બાગુલ અને નેમારામ તથા એ.જી. કચેરી અને ઈન્ટરનેશનલ સેન્ટર ઓફઓડિટ ઓફ લોકલ ગવર્નન્સ (ICAL)નો સ્ટાફ ઉપસ્થિત રહયા હતા.

# પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ

## સોશિયલ મીડિયાના માધ્યમથી નાર્કોટિક્સ ડ્રગ્સના વેચાણ, અન્ય રાજ્યમાંથી કુરિયરમાં આવતા પાર્સલ, ટ્રક પર વોચ રાખવા સૂચના



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ કમિશનર (ઈ.ચા.) મહેન્દ્ર બગડિયાની અધ્યક્ષતામાં આયોજિત નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠકમાં અન્ય રાજ્યમાંથી નાર્કોટિક્સ ડ્રગ્સ આવવાની સંભાવનાને ધ્યાને લઈ પોલીસ વિભાગ દ્વારા કુરિયરમાં આવતા પાર્સલ તેમજ ટ્રક પર વોચ રાખવા કમિશ્નરએ સૂચના આપી હતી.

ડ્રગ્સ વેચાણ કર્તા દ્વારા સિન્થેટિક પ્રકારના ડ્રગ્સના ઓનલાઇન વેચાણની સંભવનાને ધ્યાને લેતા સોશિયલ મીડિયા પર વોચ રાખવા સાયબર ક્રાઇમ વિભાગને સતર્ક રહેવા બગડિયાએ સૂચના આપી હતી.

પોલીસ કમિશનરશ્રએ શ્રમિક કે ઔદ્યોગિક વિસ્તાર, શાળા,કોલેજમાં નશાકારક દ્રવ્યોથી દૂર રહેવા માટે અમલમાં મુકાતા જનજાગૃતિ અભિયાનને અસરકારક રીતે રજુ કરવા ખાસ માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં નાર્કોટિક્સના આરોપી અન્ય કોઈ ક્રાઇમ સાથે સંકળાયેલા છે કે નહીં તેને પણ ઇન્વેસ્ટિગેશનમાં ખાસ આવરી લેવા ભાર મુક્યો હતો.

એન્ટી-ડ્રગ્સ કેમ્પેઇન અંતર્ગત ક્રાઈમ વિભાગના ડી.સી.પી. જગદીશ બાંગરવાએ પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી. જેમાં શાળા, કોલેજમાં જનજાગૃતિ કાર્યક્રમ ઉપરાંત ગાંજાનુ વેચાણ કરતા ૪ કેસમાં ૬ આરોપી વિરુદ્ધ, તેમજ શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ કરવામાં આવેલા કેસની વિગત પુરી પાડી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કોપટા એક્ટ હેઠળ ૧૩૩ કેસ કરવામાં આવ્યા છે. વિવિધ ગુન્હા હેઠળ ઈસમો પર વોચ રાખવા ૨૯૭ મેન્ટર મુકવામાં આવ્યા હોવાનું ડી.સી.પી. બાંગરવાએ જણાવ્યું હતું.

બેઠકમાં ડી.સી.પી. ઝોન -૧ હેતલ પટેલ, ઝોન -૨ રાકેશ દેસાઈ, એસ.ઓ.જી ના પી.આઈ. એસ.એમ. જાડેજા સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કસ્ટમ, સમાજ સુરક્ષા, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક, સિવિલ, મનોચિકિત્સક, રિહેબિલિટેશન, કૃષિ અને વન વિભાગ, તોલમાપ. સાયન્ટિફિક સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, મહાનગર તેમજ સિવિલ હોસ્પિટલના આરોગ્ય અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

# આર.એન્ડ. બી. રાજકોટ પંચાયત હસ્તકના રોડમાં રીસર્ફેસીંગની કામગીરી પ્રગતિમાં



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સૂચનાથી રાજ્યવ્યાપી બિસ્માર રોડ રીપેરીંગ કામગીરી નેશનલ હાઈવે, આર. એન્ડ. બી., મહાનગર પાલિકા સહિત સંલગ્ન વિભાગો દ્વારા કરવામાં આવી રહી છે.

આર.એન્ડ. બી. રાજકોટ પંચાયત દ્વારા વિવિધ તાલુકામાં હાઈવે તેમજ એપ્રોચ રોડ પર સમારકામની કામગીરી અન્વયે વિંછીયા તાલુકાના લાલાવદર ફુલઝર રોડ, રાજકોટ તાલુકાના હડાળા એપ્રોચ રોડ અને જામકંડોરણા તાલુકાના કાનાવડલાથી ગુંદાસરી રોડ પર ડામર કામ પ્રગતિ હેઠળ છે.

વિભાગ દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ લાલાવદર ફુલઝર રોડ પર ૫.૩૫૦ કિ.મી., હડાળા એપ્રોચ રોડ પર ૨.૫૦ કિ.મી. તેમજ કાનાવડલા થી ગુંદાસરી રોડ પર કુલ ૪ કિ.મી. વિસ્તારમાં કામગીરી કરવામાં આવી છે.

# ’વર્લ્ડ એન્ટિમાઇક્રોબિયલ અવેરનેસ વીક’ અંતર્ગત ૨૩ મી એ પરિસંવાદ અને રેલી યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ગઠિત વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દ્વારા પ્રતિ વર્ષ તા. ૮ થી ૨૪ નવેમ્બર દરમ્યાન વર્લ્ડ એન્ટિમાઇક્રોબિયલ અવેરનેસ વીકની ઉજવણી કરવામાં આવે છે. જેમાં એન્ટિમાઇક્રોબિયલ્સ વિશે જાગૃતિ ફેલાવી તેના જવાબદારીપૂર્વકના ઉપયોગ અંગે જન સામાન્યને માહિતગાર કરવા આરોગ્ય વિભાગ દ્વારા રેલી તેમજ અન્ય કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલ દ્વારા આગામી તા. ૨૩ નવેમ્બરના રોજ તજજ્ઞ ટીમ દ્વારા પરિસંવાદ અને જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રેલીમાં સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ, આઈ.એમ.એ. સંલગ્ન ડોક્ટર્સ તેમજ સંસ્થાઓ અને લોકો જોડાશે તેમ સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. હર્ષદ દુસરાએ જણાવ્યું છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ દ્વારા કચ્છ અને સૌરાષ્ટ્રમાં રોકાણને વેગ મળશે

## VGRC કચ્છ અને સૌરાષ્ટ્રને ઔદ્યોગિક અને સાંસ્કૃતિક વિકાસના ઉભરતા કેન્દ્રો તરીકે પ્રદર્શિત કરશે




**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે યોજાનારી દ્વિતીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સમાં (VGRC) કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઝડપથી વિકસી રહેલી આર્થિક, ઔદ્યોગિક અને સાંસ્કૃતિક તકોને રજૂ કરવામાં આવશે. ના લીધે આ પ્રદેશોમાં રોકાણ ઝડપથી વધી રહ્યું છે, જે ગુજરાતને મજબૂત, સમાવિષ્ટ અને ટકાઉ વિકાસ તરફ આગળ વધવામાં મદદ કરશે.

આ કૉન્ફરન્સમાં સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો, લૉજિસ્ટિક્સ, મત્સ્યોદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ફુડ પ્રોસેસિંગ, ખનિજો, ગ્રીન એનર્જી, કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ, MSME, પ્રવાસન અને સંસ્કૃતિ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં વિકાસની તકોને પ્રકાશિત કરવામાં આવશે. નીતિગત સહયોગ અને વ્યૂહાત્મક ભાગીદારી સાથે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ઔદ્યોગિક વિકાસને ઝડપી બનાવવાની સાથે ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં નાગરિકોને સુધી મહત્તમ લાભ પહોંચાડવાનો છે.

# મોરબી મ્યુનિ. કમિશ્નરે કલસ્ટર-૪ ની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાના કમિશ્નરે ક્લસ્ટર નં.૪ ની મુલાકાત લઈને સફાઈ ટીમની હાજરી તથા વિવિધ વિસ્તારોની સફાઈ વ્યવસ્થા તપાસી હતી. શહેરના અનેક મુખ્ય વિસ્તારોમાં નાળાની સફાઈ તેમજ ખાસ અઠવાડીક ઝૂંબેશ અંતર્ગત વિશાળ સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી.

મોરબી મહાનગરપાલિકાના કમિશ્નરે તા. ૧૭ નવેમ્બરના રોજ ક્લસ્ટર નં. ૪ની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ક્લસ્ટરમાં સફાઈ કામદારોની હાજરીની વિગતવાર ચકાસણી કરવામાં આવી હતી. સાથે જ ત્રાજપર પ્રાથમિક શાળા નં.૧, માળીયા ત્રણ મંદિર પાસેનો વિસ્તાર, શક્તિ સોસાયટી, ભડીયાદ ગ્રામ પંચાયત પાસે આવેલ જી.વી.પી.પોઈન્ટ તેમજ ઉમિયા નગર-રામજી મંદિર નજીકના હેન્ડક્રાફટ પોઈન્ટની મુલાકાત લઈ સફાઈ સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈ અભિયાન શરૂ કરાયું હતું. જેમાં આલાપ રોડ, લીલાપર રોડ, ભડીયાદ અને ઈન્દિરા નગર નજીક આવેલ નાળાઓની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. નાળાની નિયમિત સફાઈથી પાણીના ભરાવ જેવી સમસ્યાઓ દૂર રહે તેવો મહાનગરપાલિકાનો પ્રયાસ છે.

આ ઉપરાંત અઠવાડિયાની ખાસ સફાઈ ઝૂંબેશ અંતર્ગત શહેરના અનેક રસ્તા અને જાહેર વિસ્તારોમાં વિશેષ સફાઈ હાથ ધરવામાં આવી હતી. ધક્કાવાડી મેલડી માતાજીથી નવલખી ફાટક, રેલ્વે સ્ટેશન રોડથી વિસી ફાટક, અરુણોદય સર્કલથી પંચમુખી હનુમાન મંદિર સુધી તથા જંગલેશ્વર મહાદેવ મંદિરથી ભડીયાદ ગ્રામ પંચાયત સુધી સફાઈ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સાથે જ મયુર બ્રિજ નીચે, એવન્યુ પાર્કથી બાપા સીતારામ ચોક, હાઉસિંગ બોર્ડથી ઉમિયા સર્કલ, લીલાપર ચોકડીથી નવાગામ રોડ, રવાપર ચોકડીથી રવાપર ઘુનાડા રોડ અને રાજપર ચોકડી વિસ્તારની પણ સફાઈ કરવામાં આવી હતી.

# જામનગરના ફલાયઓવર બ્રિજનું લોકાર્પણ થાય તે પહેલા જ તિરાડો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના સાત રસ્તાથી વિકટોરીયા પુલ સુધી બનેલા સવા બસ્સો કરોડના ફ્લાય ઓવર બ્રિજમાં તિરાડો પડી જતાં નગરસેવિકાએ કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો કરીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. કામનું નિરીક્ષણ કરવા તેમજ જવાબદારો સામે પગલા લેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.સૌરાષ્ટ્રનો સૌથી લાંબો ૩૪૫૦ મીટર લાંબો જામનગર શહેરમાં નિર્માણ પામ્યો છે. તેનું લોકાર્પણ કરવામાં આવે તે પહેલા જ બ્રિજની વચ્ચે મુકાયેલા ગેપમાં તિરાડો પડી જતાં, નગરસેવિકા જેનબબેન ખફીએ ઉગ્ર વિરોધ કર્યો હતો. બ્રિજનું લોકાર્પણ થાય તે પહેલા જ તિરાડો પડી જતાં આ કામ નબળુ થયાનો આક્ષેપ કર્યો હતો. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા આ બ્રિજમાં ભ્રષ્ટાચાર થયો હોવાનું જણાવ્યું હતું. તંત્રને જાણ કરી બ્રિજનું નબળુ કામ કરનાર પેઢી સામે કાયદેસરના પગલા લેવામાં આવે. તેવી માંગણી પણ કરવામાં આવી છે.

# હળવદમાં ૧૨ ઈલેક્ટ્રિક મોટર ચોરીનો ભેદ ઉકેલાયોઃ ચોરી કરનાર ગેંગ ઝડપાઇ, રૂ.૪.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત



**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના સુસવાવ ગામની સીમમાં ધ્રાંગધ્રા બ્રાંચ કેનાલ ઉપર પિયત માટે રાખવામાં આવેલ ૧૨ ઈલેક્ટ્રિક મોટરની ચોરીની ફરિયાદના આધારે મોરબી ક્રાઈમ બ્રાંચે વિવિધ સ્થળે દરોડા પાડી ત્રણ મુખ્ય ચોર શખ્સો તથા ચોરીનો મુદ્દામાલ ખરીદનારા સહીત કુલ છ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ મોટરોને તોડી તેના તાંબા-લોખંડના પાટ્ર્સ ભંગારમાં વેચતા હતા. પોલીસે કુલ રૂ.૪.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

હળવદ પોલીસ મથકમાં ૧૮ નવેમ્બરના રોજ બે અલગ અલગ ફરિયાદ નોંધાઈ હતી, જેમાં સુસવાવ ગામની ગોરાસરી તરીકે ઓળખાતી સીમમાં ધ્રાંગધ્રા બ્રાંચ કેનાલ પર ખેતી માટે મૂકેલી કુલ ૧૨ ઈલેક્ટ્રિક મોટર ચોરી થઈ હતી. ખેડૂતોની પિયત વ્યવસ્થા માટે અત્યંત જરૂરી આવા ઉપકરણો રાત્રિના સમયે ગાયબ થતા ગ્રામિણ વિસ્તારોમાં ચકચાર મચી ગઈ હતી. ફરિયાદને આધારે મોરબી ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ચોરો મોટરોની ચોરી કર્યા બાદ મોરબી માળિયા ફાટક પાસે આવેલા નશીબ સ્ક્રેપ નામના ભંગારના ડેલામાં લઈ જઈ તોડી પાડતા હતા. મોટરોમાંથી મળતા તાંબાના વાયર, લોખંડ, એલ્યુમિનિયમ, પીતળ, બીડ વગેરે પાટ્ર્સને અલગ કરી ગાડીમાં ભરી વેચાણ માટે લઈ જવામાં આવતા હતા. આ દરમ્યાન પોલીસને મળેલી ચોક્કસ માહિતીના આધારે ઉપરોક્ત સ્થળે દરોડો કરતા ત્રણ ચોર આરોપીઓ કરણભાઈ મોતીભાઈ ટોળીયા, રોહીતભાઈ મુનાભાઈ ઝંઝુવાડીયા અને સાગરભાઈ મગનભાઈ પરમાર ત્રણેય રહે. મોરબી-૨ વાળા સ્થળ ઉપરથી જ ઝડપાઈ ગયા હતા.

આ ઉપરાંત, ચોરીનો મુદ્દામાલ ખરીદનાર ભંગાર વેપારી મંજુરહુસેન રહીમભાઈ ખુરેશી રહે.કબીર ટેકરી મોરબી અને હરીલાલ વિરુજી ગુર્જર રહે.મહેન્દ્રનગર મોરબી તથા જાવેદભાઈ અલારખાભાઈ સિપાઈ રહે. રાજકોટ વાળાને પણ પોલીસે ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી ૧૨ ઈલેક્ટ્રિક મોટરના તોડેલા પાટ્ર્સ, જેની કિંમત અંદાજે રૂ.૧.૯૦ લાખ થાય છે, ઉપરાંત ચોરીના પરિવહન માટે ઉપયોગમાં લેવાયેલી બોલેરો પીકઅપ વાન રજી.નં. જીજે-૩૬-ટી-૨૫૫૦ કિ.રૂ. ૩ લાખ મળી કુલ રૂ.૪.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. મોરબી એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમની સંયુક્ત કામગીરીથી આ ચોરીના બનાવમાં મહત્વપૂર્ણ સફળતા મળી છે. આ સાથે પોલીસે વધુ તપાસ ચલાવી છે.

આ ઉપરાંત, મોરબી જીલ્લા પોલીસે ખેડૂતો અને નાગરિકોને અપીલ કરી છે કે રાત્રિના સમયે ખેતીવાડી સાધનો અને મોટરોની દેખરેખમાં વધારો રાખે. ઉપરાંત શંકાસ્પદ વ્યક્તિઓ અથવા વાહનો દેખાય તો તરત જ નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરે, જેથી આવનારા સમયમાં આવી ચોરી અટકાવી શકાય.

# અમેરિકનના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર જુનિયર ટ્રમ્પનું જામનગરમાં આગમન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર જુનિયર ટ્રમ્પ આગમન.અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર જુનિયર ટ્રમ્પ પહોંચ્યા હતા. જામનગરમાં જુનિયર ટ્રમ્પનું આગમન થયું છે, ત્યારે એરપોર્ટથી ઉતર્યા બાદ તેઓ સડક માર્ગે મોટી ખાવડી સ્થિત રિલાયન્સ ખાતે જવા રવાના થયા હતા. જુનિયર ટ્રમ્પ વનતારાની મુલાકાત લે તેવી શક્યતા છે. જામનગરની જિલ્લાની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને વનતારામાં સમયાંતરે અનેક મહાનિભાવોનું આગમન થતું રહે છે. ત્યારે યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર જુનિયર ટ્રમ્પનું જામનગરમાં આગમન થયું છે. જુનિયર ટ્રમ્પ જામનગર એરપોર્ટથી રોડ માર્ગે ખાવડી જવા રવાના થયા છે, ત્યારે પોલીસે યોગ્ય સુરક્ષા વ્યવસ્થા જાળવી હતી.જુનિયર ટ્રમ્પ આજે જામનગર જિલ્લાની રિલાયન્સ કંપનીમાં રાત્રે રોકાણ કરે તેવી શક્યતા છે. આ ઉપરાંત વનતારાની પણ તેઓ મુલાકાત લઈ શકે છે. જોકે, હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.

# જામનગર વોર્ડ નં. ૪ માં પાણી વિતરણ પ્રશ્ને કમિશનરને રજૂઆત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના વોર્ડ નં. ૪માં પાણી વિતરણ અંગેના પ્રશ્ને સ્થાનિક રહેવાસીઓ, કોર્પોરેટરો દ્વારા કમિશનર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. વોર્ડ નં. ૪ના કોંગ્રેસના કોર્પોરેટર રચનાબેન નંદાણીયાએ આજે સ્થાનિક બહેનોને સાથે રાખીને મ્યુનિ. કમિશનરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં જણાવેલ કે વોર્ડ નં. ૪ માં દરરોજ પાણી વિતરણ કરવામાં આવે છે. પરંતુ ૨૦ મિનિટના પાણી વિતરણમાં પ્રથમ ૧૦ મિનિટ ખરાબ પાણી મળે છે. આથી સ્થાનિકોની માંગણી છે કે દરરોજ ૨૦ મિનિટ શુદ્ધ પાણી મળવું જોઈએ, અથવા પાણી વિતરણનો સમય વધારી આપવો જોઈએ અથવા તો એકાંતરા પૂરૂં પાણી વિતરણ કરવામાં આવવું જોઈએ.

# ટંકારા ખાતે રાણી લક્ષ્મીબાઈ જયંતિ નિમિતે સંગોષ્ઠિ અને બહેનો માટે સાયબર અવેરનેસ તાલીમ યોજાઇ





**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા ઓરપેટ મહિલા કોલેજમાં ABVP દ્વારા રાણી લક્ષ્મીબાઈની જન્મજયંતિ નિમિતે સંગોષ્ઠિ કાર્યક્રમ અન્વયે બહેનોને રાણી લક્ષ્મીબાઈના જીવનચરિત્ર સાથે સાયબર સુરક્ષા અને આત્મરક્ષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ટંકારા ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા ૨૦ નવેમ્બરના રોજ રાણી લક્ષ્મીબાઈની જન્મજયંતિ નિમિતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓરપેટ મહિલા કોલેજમાં યોજાયેલી આ સંગોષ્ઠિમાં રાણી લક્ષ્મીબાઈના જીવનસંઘર્ષ, પરાક્રમ અને દેશભક્તિના પ્રસંગોને રજૂ કરવામાં આવ્યા હતા. છાત્રાઓને પ્રેરણાદાયક જીવનચરિત્ર દ્વારા વીરાંગનાના સાહસિક ગુણો અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત બહેનોને સાયબર અવેરનેસ તેમજ આત્મરક્ષણ સંબંધિત માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવ્યું હતું. આજના ડિજિટલ યુગમાં વધતા સાયબર ખતરાઓને ધ્યાનમાં રાખી, ઓનલાઈન સુરક્ષા, સોશિયલ મીડિયા સેફટી, ઠગાઈથી બચવાની પદ્ધતિઓ અને આકસ્મિક પરિસ્થિતિઓમાં કેવી રીતે પોતાનું રક્ષણ કરવું તે અંગે મહત્વપૂર્ણ માહિતી છાત્રાઓને સમજાવવામાં આવી હતી.

આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક વિજયભાઈ રાવલ, ટંકારા મહિલા પોલીસ ટીમ તથા ABVP રાજકોટ વિભાગ સંગઠન મંત્રી જયદીપસિંહ જાડેજા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના માર્ગદર્શન દ્વારા છાત્રાઓને આત્મવિશ્વાસ સાથે સજ્જ થવા અને સાયબર જગતમાં સાવચેત રહેવા પ્રેરણા મળી હતી.

# જામનગર જિલ્લામાં જુદા-જુદા હિટ એન્ડ રન ત્રણ બનાવમાં ત્રણ વ્યક્તિના વાહનની ઠોકરે અપમૃત્યુ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ખંભાળિયા ધોરી માર્ગે કાલાવડ રોડ પર જુદા-જુદા ત્રણ વાહન અકસ્માતોમાં ત્રણ વ્યક્તિ કાળનો કોળીયો બની છે, અને પોતાના જીવ ગુમાવ્યા છે. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.અકસ્માતનો પ્રથમ બનાવ જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર જોગવડ ગામના પાટીયા પાસે બન્યો હતો. ત્યાંથી રસ્તો ઓળંગી રહેલા મૂળ ઉત્તર પ્રદેશના વતીની અને હાલ લાલપુર પંથકમાં રહેતા ગંગાસિંહ પાંખીસિંહ યાદવ (ઉંમર વર્ષ ૫૩) ને જી.જે. ૧૭ એક્સ.એક્સ. ૦૬૯૩ નંબરના ટેમ્પોના ચાલકે હડફેટમાં લઇ કચડી નાખતાં ગંભીર ઇજા થવાથી તેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે. પોલીસે ટેમ્પો ચાલક સામે ગુનો નોંધ્યો છે.અકસ્માતનો બીજો બનાવ જામનગર કાલાવડ રોડ પર મોડપર ગામના પાટીયા પાસે બન્યો હતો. ત્યાંથી પગપાળા ચાલીને જઈ રહેલા વલ્લભભાઈ પ્રેમજીભાઈ ભંડેરી નામના ૬૭ વર્ષના ખેડૂતને જી.જે.૧૦ ઇ.બી.૯૬૫૧ નંબરના બાઈકના ચાલકે ઠોકરે ચડાવી હેમરેજ સહિતની ઈજા પહોંચાડતાં તેઓનું મૃત્યુ નિપજ્યું છે. આ અકસ્માતના બનાવ અંગે વૃતકના પુત્ર કિશોરભાઈ વલ્લભભાઈ ભંડેરીએ પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં બાઈકના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.અકસ્માતનો ત્રીજો બનાવ જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર ગોરધનપર ગામના પાટીયા પાસે બન્યો હતો. ત્યાંથી ચાલીને જઈ રહેલા ૪૦ વર્ષની વયના રસ્તે રઝળતા ભટકતા એક અજ્ઞાત યુવાનને કોઈ અજાણ્યા વાહનના ચાલકે હડફેટમાં લઈ કચડી નાખ્યો હોવાથી તેનું મૃત્યુ નીપજ્યું છે. પોલીસે તેને કચડી નાખનાર અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધ્યો છે, અને તેની શોધખોળ હાથ ધરી છે.

# ટ્યુશન માટે સ્કૂલે ગયેલી ધો.૧૦ની છાત્રા લાપતાઃ અપહરણની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંત કબીર રોડ પર આવેલી શાળાએ ટયુશન કલાસમાં ગયેલી ધો. ૧૦માં અભ્યાસ કરનાર ૧૫ વર્ષની સગીરા ઘરે પરત ન ફરતા પિતાએ શાળાએ જઈ તપાસ કરતા સગીરા કલાસ પુરા કરી ઘરે જવા નીકળી ગઈ હોવાનું જાણવા મળ્યુ હતું. પિતાએ જાતે તપાસ કર્યા બાદ તેના જ વિસ્તાર ગંજીવાડામાં રહેતો શખસ સગીરાને બાઇકમાં બેસાડી ભગાડી ગયાનું માલુમ પડયું હતું. આ અંગે થોરાળા પોલીસે તપાસ હાથ ધરી રાત્રીના જ બંનેની શોધી કાઢયા હતાં. પુછતાછમાં સગીરાને ભગાડી જનાર પણ ૧૭ વર્ષનો સગીર હોવાનું માલુમ પડયું હતું. ભાવનગર રોડ પાસેના વિસ્તારમાં રહેતા યુવકે થોરાળા પોલીસ સ્ટેશનમાં આરોપી તરીકે તેના વિસ્તારમાં રહેતા શખસનું નામ આપી જણાવ્યું હતું કે તે તેની દીકરીને ગત તા.૧૯ ના રોજ બપોરે બે વાગ્યે સંત કબીર રોડ પર આવેલી શાળામાં ચાલતા ટ્યુશનમાં મૂકીને ઘરે પરત ફરી ગયો હતો. દરરોજની જેમ સાંજના ચાર વાગ્યે સગીરા ટયુશનમાથી છુટી જતી હોય છે. પરંતુ તા.૧૯ ના રોજ સગીરા ટયુશનમાંથી પરત ન ફરતા તપાસ કરતા તેમના જ વિસ્તારમાં રહેતો શખસ સગીરાને શાળા નજીક પોતાની બાઇકમાં બેસાડી સાથે લઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું. આથી ચિંતાતુર પિતાએ થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ધો.૧૦ ની વિદ્યાર્થિનીની અપહરણના બનાવને લઈ થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી.વાઘેલાની રાહબરીમાં પીએસઆઈ એમ.એસ. મહેશ્વરી તથા ટીમે તપાસ હાથ ધરી રાત્રીના જ અપહ્યુત સગીરા અને તેને ભગાડી જનારને પોલીસે શોધી કાઢ્યા હતાં. પોલીસે આ શખસની પુછતાછ કરતા તે પણ ૧૭ વર્ષનો સગીર હોવાનું માલુમ પડયું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# હુડકો ક્વાર્ટરમાં ગૃહકલેશથી કંટાળીને પત્નીએ પુત્રો સાથે મળીને પતિની હત્યા કરી








### પતિની હત્યા કરનાર ભાભી અને ભત્રીજા સામે ફઈબાએ નોંધાવી ભક્તિનગર પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. હુડકો ક્વાર્ટરમાં ગૃહકલેશથી કંટાળેલા માતા-પુત્રોએ મળીને ૪૨ વર્ષિય પતિને છરીના ઘા ઝીંકી પુત્રાએ નિર્મમ હત્યા કરી હતી. પોલીસે આરોપી માતા-પુત્રોને સકંજામાં લઈને વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગતો મુજબ હુડકો ક્વાર્ટર શેરી નં.૧૯માં રહેતા નરેશ નટુભાઈ વ્યાસ (ઉ.વ.૪૨) રાત્રીના અગિયારેક વાગ્યા આસપાસ પોતાના ઘરે હતા ત્યારે ઘરકંકાશમાં થયેલો ઝઘડો ઉગ્ર બન્યો હતો. અને આ ઝઘડામાં નરેશભાઈના સંતાનોએ તેઓને છરીના ઘા ઝીંકી દીધા હતા. જો કે તરફડિયા મારતાં નરેશભાઈએ શ્રેણીકભરમાં જ દમ તોડી દીધો હતો. બનાવ અંગે જાણ થતાં ક્રાઈમ બ્રાન્ચ ડીસીપી જગદીશ બાંગરવા, ભક્તિનગર ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા, પીએસઆઈ જે. જે. ગોહિલ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, મૃતક નરેશભાઈના પરિવારમાં પત્ની સ્મિતાબેન, પુત્ર પાર્થ અને હર્ષ સાથે રહેતા હોય રૈશભાઈને નશાની લત હોવાથી પત્ની જ્યારે નરેશ અને પુત્રો સાથે વારંવાર ઝઘડા કરતાં હતા. આ ઝઘડાથી ઝઘડાથી કંટાળી જઈને ત્રણેયએ સાથે મળીને નરેશભાઈની નિર્મમ હત્યા કરી હતી. નરેશભાઈ હોલસેલમાં મોજાનો વેપાર કરતા હોય ત્યારે સાંજે ઘરે આવ્યા બાદ પરિવાર સાથે બેઠા હતા. દરમિયાન કોઈ વાતને લઈને પત્ની સ્મિતાબેન સાથે ઝઘડો થયો હતો. ત્યારે પુત્ર હર્ષ અને પાર્થ પણ હાજર હોય જેઓએ પિતાને ઝઘડો ન કરવા સમજાવતા તેઓ વચ્ચે ઝપાઝપી થવા પામી હતી. દરમિયાન નશભાઈએ પોતાના નેઠામાં રાખેલી છરી વડે પુત્રો ઉપર હુમલો કરવા જતાં જ બન્નેએ મળીને તે જ છરી નરેશભાઈના પેટમાં ખૂંપાવી દીધી હતી. જો દીધી હતી. જો કે ઝઘડાનો અવાજ થતાં પાડોશીઓએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળેથી જ શંકામાં રહેલ સ્મિતાબેન અને તેમના પુત્ર પાર્થ અને હર્ષને સકંજામાં લીધા હતા. મૃતદેહને પીએમ અર્થે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે નરેશભાઈના રાજકોટ રહેતા બે બહેનોનો સંપર્ક કરીને બનાવ અંગે જાણ કરી હતી અને ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# શાપરમાં પગારના પૈસા માંગતા સિક્યુરિટી ગાર્ડને એજન્સીના માલિક અને સુપરવાઈઝરે માર માર્યો

### પ્રૌઢને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં પગારના પૈસા માંગતા ગાર્ડને સિક્યુરિટી એજન્સીના માલિક અને સુપરવાઈઝરે માર માર્યો હતો. ઈજાગ્રસ્ત બીપીનભાઈ ઠાકુરને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

આ અંગેની વિગત મુજબ, બીપીનભાઈ શિવેશ્વર ઠાકુર (ઉંમર વર્ષ ૫૫, રહે.લોઠડા ગામ, તાલુકો જિલ્લો રાજકોટ) રાત્રે ૮ વાગ્યાં આસપાસ ૮ શાપર ગણેશ સિક્યુરિટી ઓફિસે હતો ત્યારે સામેવાળા કાંતિલાલ રાઠોડ તથા તેના સાથેના ઘનશ્યામસિંહે ઝઘડો કરી ધોકા વડે માર મારતા બીપીનભાઈને ઈજા થઈ હતી. તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બીપીનભાઈએ જણાવ્યું કે, તેઓ ઘણા સમયથી આ ગણેશ સિક્યુરિટી કંપનીમાં નોકરી કરે છે. ૧૫૦૦૦ માસિક પગાર છે. મહિના પહેલા તહેવાર અને ચૂંટણી માટે વતન બિહાર ગયા હતા. ત્યારે ૨૦ દિવસની નોકરીનો પગાર લેવાનો બાકી હતો. વતનથી આવ્યા બાદ ગઈકાલે તેઓ ગણેશ સિક્યુરિટી ઓફિસે હતા ત્યારે આ સિક્યુરિટી એજન્સીના માલિક કાંતિભાઈ અને સુપરવાઈઝર કમ પાર્ટનર ઘનશ્યામસિંહ બંનેને ૨૦ દિવસનો બાકી ૧૦ હજાર પગાર આપવા વિનંતી કરી હતી.

માલિકે કહ્યું કે, પહેલા ૧૫ દિવસની નોકરી કર, પછી પગાર મળશે. બિપીનભાઈને પૈસાની જરૂર હોય તેણે બાકી પગાર આપી દેવા જણાવતા માર માર્યો હતો. પોલીસે નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ત્રંબામાં યુવકે દેણાની ચિંતામાં ગળેફાંસો ખાઈ લીધો: સારવારમાં

### શાપરમાં દંપતી વચ્ચે ઝઘડો થતા પત્નીએ ફિનાઈલ ગટગટાવ્યુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા ત્રંબા ગામે રહેતાં યુવાને દેણાની ચિંતામાં ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના ત્રંબા ગામે રહેતા પ્રમોદભાઈ નારાયણભાઈ શાહ નામના ૩૫ વર્ષના યુવાને ૩ થી ૪ લાખ વ્યાજે લીધા હતાં. જે દેણાની ચિંતામાં બપોરના સમયે પોતાના ઘરે હતા ત્યારે પંખામાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને બેશુધ્ધ હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજી ડેમ પોલીસને જાણ કરતાં આજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહેલા યુવકનું નિવેદન નોંધ્યું હતું.

આ ઉપરાંત બીજા બનાવમાં શાપરમાં કારખાનામાં કામ કરતી ઢીંગીબેન પંજારીરામ નામની ૧૮ વર્ષની પરિણીતાએ પતિ સાથે નજીવા પ્રશ્ન ઝઘડો થતાં ફિનાઈલ પી લીધું હતું. પરિણીતાને ઝેરી અસર થાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. ઉપરોકત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં વધુ છ લોકોના શ્વાસ થંભી ગયા

### યુવતી, યુવાન, પ્રૌઢ, બે પ્રૌઢા અને વકીલ બેભાન હાલતમાં ઢળી પડતાં મોત: માવઠાના મારથી થયેલ નુકસાનની ચિંતામાં ખેડૂતનું હૃદય બેસી ગયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વધુ છ લોકોના શ્વાસ થંભી ગયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં યુવતી, યુવાન, પ્રૌઢ, બે પ્રૌઢા અને વૃધ્ધ વકીલને આવેલો હૃદયરોગનો હુમલો જીવલેણ નિવડતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગોંડલમાં ગુંદાડા રોડ પર આસોપાલવ રેસીડેન્સીમાં રહેતી દિશાબેન મુકેશભાઈ રામોલીયા નામની ૨૫ વર્ષની યુવતી રાજકોટમાં વાવડી વિસ્તારમાં આવેલ નંદનવન સોસાયટીમાં રહેતા તેના ભાઈ જેનીશભાઈના ઘરે હતી ત્યારે વહેલી સવારે હૃદયરોગનો હુમલો આવતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ત્યાં તેણીનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. બીજા બનાવમાં દૂધસાગર રોડ પર જયહિંદનગરમાં રહેતાં નૈનાબેન વિનોદભાઈ ગોહેલ (ઉ.૫૪) રાત્રીનાં પોતાના ઘરે ખુરશી ઉપર બેઠા હતાં ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી પ્રૌઢાને હાર્ટએટેકથી મોત નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. મૃતક પ્રૌઢાને સંતાનમાં એક પુત્ર છે.



ત્રીજા બનાવમાં ૮૦ ફુટ રોડ પર સત્યમ પાર્કમાં રહેતાં શાંતાબેન સવજીભાઈ ચાવડા (ઉ.૫૮) રાત્રીના પોતાના ઘરે હતાં ત્યારે હૃદયરોગનો હુમલો આવતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાલ થઈ ગયો હતો. પ્રાથમિક છે.

પુછપરછમાં મૃતક પ્રૌઢાને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે અને બે માસ પૂર્વે જ શાંતાબેન ચાવડાએ બાયપાસ કરાવ્યું હતું. ચોથા બનાવમાં મવડી મેઈન રોડ પર આવેલ સરદારનગર સોસાયટીમાં રહેતા ધનજીભાઈ પુંજાભાઈ ફળદુ (ઉ.૬૮) રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તબીબે જોઈ તુપાસી વૃધ્ધનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનું જાહેર કરતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. મૃતક વૃધ્ધ અગાઉ વકીલાતનો વ્યવસાય કરતાં હતાં અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી પાંચમાં બનાવમાં રાજકોટનાં શુક્લપીપળીયા ગામે રહેતાં કિશોરભાઈ પ્રેમજીભાઈ ચારોલા નામના ૪૫ વર્ષના પ્રૌઢ પોતાના ઘરે હતા ત્યારે હૃદયરોગનો હુમલો આવતાં બેભાન હાલતમાં ઢળી પડયા હતાં. પ્રૌઢને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

આ ઉપરાંત કોઠારીયા રોડ પર સિધ્ધાર્થનગરમાં રહેતાં અને સરધારના સર ગામે ખેતી કામ તેમજ પ્રાઈવેટ નોકરી કરતાં ભરતભાઈ ચનાભાઈ વડોલ (ઉ.૪૦) પોતાના ઘરે હતાં ત્યારે બેભાન હાલતમાં ઢળી પડયા હતાં. યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનું તબીબોએ જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક ભરતભાઈ તેના માતા પિતાનો આધાર સ્થંભએકના એક પુત્ર હતાં અને સંતાનમાં એક પુત્ર છે. માવઠાથી ખેતીમાં થયેલ નુકસાનીની ચિંતામાં ભરતભાઈનું હૃદય બેસી ગયું હોવાનું પરિવારે જણાવ્યું છે.

# મેટોડામાં મહિલાના મકાનમાંથી ૪૫ હજારની રોકડની ચોરી

### તસ્કર બેલડી સીસીટીવીમાં કેદ; પોલીસે શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેંટોડા જીઆઈડીસી વિસ્તારમાં તસ્કરોનો આતંક વધી રહ્યો છે. મેટોડા જીઆઈડીસીમાં આસ્થા વિલેજ સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા હતા અને મહિલાના રહેણાંક મકાનને નિશાન બનાવીને રૂ.૪૫ હજારની રોકડ અને દાગીના ચોરી ગયા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. મળતી વિગતો મુજબ રાજકોટ નજીક આવેલા મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં તસ્કરોનો આતંક વધી રહ્યો છે. મેટોડા જીઆઈડીસી વિસ્તારની આસ્થા વિલેજ સોસાયટીમાં તસ્કરોએ એક રહેણાંક મકાનને નિશાન બનાવ્યું હતું. આસ્થા વિલેજ સોસાયટીમાં રહેતી વૈશાલીબેન પંકજભાઈ ટોડરમલના મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ મકાનમાંથી સોનાના દાગીના સહિત રોકડ રકમની ચોરી કરી હતી. ચોરીમાં સોના ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા સહીત રૂ.૪૫,૦૦૦ની મતા ચોરી ગયા હતા. તસ્કરોએ ચોરી કર્યાની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે તસ્કરોની ઓળખ મેળવવા વધુ તપાસ શરુ કરી છે. આ ઘટનાની જાણ થતાં જ મેટોડા પોલીસ મથકના પી.આઈ શર્મા સહીતને સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે વૈશાલીબેનની ફરિયાદને આધારે ચોરીનો ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે અને તસ્કરોને ઝડપી પાડવા માટે વધુ તપાસ શરૂ કરી છે.



# આટકોટમાં પિતાએ ઉગ્ર બોલાચાલી બાદ રાપનો ઘા ઝીંકી પૂત્રનું ઢીમ ઢાળી દીધું

### નાણા માંગતા જુવાનજોધ પૂત્રને મોતને ઘાટ ઉતારી પિતા પોલીસ સ્ટેશનમાં હાજર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના આટકોટમાં પિતાના હાથે પુત્રની હત્યા થતા ચકચાર મચી જવા પામી છે. અવાર નવાર નશો કરવાની કુટેવ ધરાવી પિતાને દેણામાં ઉતારી દેનાર પિતા-પુત્ર વચ્ચે ગત.તા.૨૦ના સવારે પૈસા મુદ્દે ઝઘડો કરતા પિતાએ ઉશ્કેરાઈ જઈ પુત્રને રાપનો ઘા ઝિંકી દેતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તાકિદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. જયાં ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા જ બનાવ હત્યામાં પલટાયો હતો.પુત્રની હત્યા કર્યા બાદ પિતા સામેથી જ આટકોટ પોલીસ મથકમાં હાજર થયો હતો.હાલ પોલીસે આરોપી પિતા સામે હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે. ઉલ્લેખનિય છે કે મૃતક યુવકે ચાર દિવસ પૂર્વે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

આટકોટ જસદણ ચોકડી પાસે પાણીના ટાંકા નજીક રહેતો તુષાર ઘનશ્યામભાઈ સેલીયા ઉ.૨૮ નામનો યુવક ગત.તા.૨૦ના સવારે સાતેક વાગ્યા આસપાસ થરે હતો ત્યારે તેના પિતા ઘનશ્યામભાઈ ભીમજીભાઈ સેલીયા સાથે પૈસા મુદે ઝઘડો કર્યો હોય જેથી પિતાએ ઉશ્કેરાઈ જઈ પુત્ર તુષારને માથાના ભાગે લોખંડની રાપનો ઘા ઝીંકી દેતા ગંભીર ઈજા પહોંચી હોવાથી તાકિદે સારવાર અર્થે પ્રથમ આટકોટ બાદ વધુ સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી આટકોટ પોલીસને જાણ કરતા પીઆઈ આર. એસ.સાકરીયા સહિતનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરતા મૃતક એક બહેનનો એકનો એક મોટોભાઈ હતો.અને અપરણીત હતો.તે કંઈ કામ ધંધો કરતો ન હોય અને અવાર નવાર નશો કરી ઘરે આવી ઝઘડો કરી પૈસાની માંગણી કરતો હતો.દરમ્યાન ગઈકાલ સવારે પણ પિતા-પુત્ર વચ્ચે પૈસા મુદ્દે ઝઘડો થયો હોય જેથી પિતાએ ઉશ્કેરાઈ રાપથી જીવલેણ હુમલો કરી હત્યા નિપજાવી હોવાનું જાણવા મળ્યું છે.તેમજ મૃતક તુષારે ચાર દિવસ પૂર્વે ઘરમાં પૈસા મુદ્દે ઝઘડો કરી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.



બનાવ બાદ આરોપી પિતા ઘનશ્યામભાઈ ભીમજીભાઈ સેલીયા સામેથી જ આટકોટ પોલીસ મથકમાં હાજર થતા તેની સામે હત્યાની કલમો મુજબ ગુનો નોંધી પોલીસે ધરપકડ કરી હતી.

# મુરઘા ગેંગના બે સાગરીતોને SOGની ટીમે યુ.પી.થી દબોચી લીધા

### જંગલેશ્વરમાંથી વધુ એક ગેંગનો સાગરીત હથીયાર સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મંગળા રોડ પર ફાયરીંગની ઘટનામાં એસઓજીની ટીમે મુરઘા ગેંગના બે સાગરીતોને યુપીથી ઝડપી લઈ વિશેષ કાર્યવાહી કરી હતી જેની પુછ્તાછમાં મંગળા રોડ પર મુરઘાએ ફોન કરી હથીયાર મંગાવ્યા હતા જે બન્ને સાગરીતો હથીયાર આપવા આવ્યા હતા બાદમાં બનાવની જાણ થતા યુપી નાસી ગયા હતા. તેમજ જંગલેશ્વર માંથી મુરઘાનો સાગરીત દેશી પિસ્ટલ સાથે પકડી વધુ કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મંગળા રોડ પર અંધાધુંધ ફાયરીંગના બનાવમાં એસઓજીએ સુત્રધાર સમીર ઉર્ફે મુરઘો,શાહનવાઝ સહીતને ઝડપી લીધા હતા જેના રિમાન્ડ મેળવી પુછ્તાછ કરતા તે ફાયરીંગ કરી કારમાં જંગલેશ્વરમાં ગયો હતો અને કાર મુકી મોરબી નાસી ગયો હતો. એસઓજીની ટીમે થાર કાર કબજે લઈને તલાસી લેતા કારમાંથી ત્રણ હથીયાર અને અને કારતીસ મળી આવ્યા હતો જે પોલીસે કબજે લીધા હતા. પોલીસની વધુ પુછ્તાછમાં જંગલેશ્વરમાંથી હથીયાર મંગાવતા મુળ યુપીના અને હાલ જંગલેશ્વરમાં રહેતો ઈસરાક અલી ઉર્ફે પુતન અને સલમાન નનકે ફકીર હથીયાર આપી ગયા હતા અને બનાવ બાદ યુપી નાસી જતા રાજકોટ એસઓજીની ટીમે યુપીથી બન્ને આરોપીઓને પકડી તેની ધરપકડ કરી હતી.

દરમ્યાન એસઓજીની ટીમે જંગલેશ્વરમાં રહેતો મોસીન ઉર્ફે ભેંસ નાસીર ટાયાણીની હથીયાર સાથે ધરપકડ કરી હતી જેની જેની તપાસ કરતા મુરથાએ મંગળા રોડ પર ફાયરીંગ કરી મૌસીનને હથિયાર આપી નાસી ગયો હોવાનુ બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# હોટલ માલિકને સસ્તા ભાવે સોલાર પેનલ આપવાનું કહીને ૬ લાખનો ધૂંબો માર્યો

### આરોપીએ અનેક પરિચિતોને ફસાવીને લાખોનું ફૂલેકુ ફેરવ્યું હોવાનું તપાસમાં ખૂલ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ઢેબર રોડ પર આવેલી રવિરાજ પેલેસ હોટલમાં સસ્તા ભાવે સોલાર પેનલ લગાવી આપવાનું કહીને તાલાલાના વતની આરોપીએ ૬ લાખનો ધૂંબો માર્યો હોવા અંગે એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. તપાસમાં આ શખસે આવી રીતે કેટલાય પરિચિતો પાસેથી નાણાં ખંખેરી લીધા હોવાનું સામે આવ્યું હતું.

આ અંગેની વિગતો મુજબ ઢેબર રોડ રવિરાજ પેલેસ હોટલમાં મેનેજર તરીકે ફરજ બજાવતા અશ્વિનભાઈ પ્રવીણચંદ્ર ત્રિવેદીએ એ-ડિવિઝન પોલીસ મથકમાં આરોપી તરીકે વિશાલ ભરતભાઈ પંચોલી (રહે.પરમેશ્વર એનર્જી, મોરીસ હોટલ, ગુંદાળા રોડ, તાલાલા) સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તા.૧ ઓગસ્ટ-૨૦૨૫ના પોર્તે હોટલે હતા ત્યારે અહીં છેલ્લા બે વર્ષથી રોકાતા વિશાલ પંચોલીએ પોતે સોલાર ફિટિંગનું કામકાજ કરતો હોય અને તમારી હોટલમાં સોલાર નાખવું હોય તો મારો સંપર્ક કરજો તેવું જણાવ્યું હતું. અશ્વિનભાઈએ આ અંગે હોટલ માલિક જીલુભાઈ ખાચર સાથે વાતચીત કરતાં તેઓએ વિશાલ પાસેથી સોલાર પેનલ લગાડવા માટે સહમતી આપી હતી. વાતચીત બાદ વિશાલે જણાવ્યું હતું કે, તે બજાર ભાવ કરતાં સસ્તામાં સોલાર પેનલ લગાવી આપશે, તેનો ખર્ચ ૬ લાખ થશે. વિશાલની વાતોમાં આવી જઈને જીલુભાઈએ પરમેશ્વર એનર્જીથી રૂપિયા સાડા ચાર લાખનો ચેક આપ્યો હતો.

ચેક આપતાં વિશાલે જણાવ્યું હતું કે, બે દિવસમાં કામ શરૂ થઈ જશે. જો કે કે કામ શરૂ ન થતાં આ અંગે વિશાલ સાથે વાત કરતાં બાકીના દોઢ લાખ આપવા માટે કહેતા આ રકમ પણ ચૂકવી દેવામાં આવી હતી. વિશાલે સોલાર પેનલનું વાયરિંગ કામ કર્યા બાદ કામ અધુરું મુકીને ચાલ્યો ગયો હતો. વારંવાર વિશાલને ફોન કરતાં તે અનેક બહાનાઓ બતાવતો હતો જેથી રૂબરૂ જીલુભાઈ અને અશ્વિનભાઈએ તાલાલા જઈને તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, આરોપી વિશાલ સોલાર પેનલ લગાવવાના બહાને ગામમાં રહેતા ઘણા પરિચિતોના રૂપિયા ખંખેરીને ફરાર થઈ ગયો છે. બનાવ અંગે એ-ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરના કોઠી મહીકા ગામે ખનીજ માફિયાના ત્રાસથી કંટાળી દવા પી લેનાર તરુણનું મોત

### ત્રણ પિતરાઈએ સજોડે દવા ગટગટાવી લીધી હતી હજુ બે ની હાલત નાજુક: પુત્રો ભાનમાં હતા ત્યારે તેમનું ડી.ડી. (મરણોત્તર નિવેદન) ન લીધું, જ્યાં સુધી આરોપીઓની અટકાયત નહીં થાય ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારાય: પરિવાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર પંથકના કોઠી મહીકા ગામે જમીન હડપવા માટે વારંવાર પરેશાન કરતાં ખનીજ માફિયાના ત્રાસથી કંટાળીને એક તરણ સહિત ત્રણ પિતરાઈ ભાઈઓએ સજોડે ઝેરી દવા પી લેતા ત્રણેયને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં વહેલી સવારે ૧૬ વર્ષીય તરુણે દમ તોડી દીધો હતો. ઘટના અંગે પરિવારે આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, તેમના પુત્રો જ્યારે ભાનમાં હતા ત્યારે ડી. ડી. (મરણમુખ નિવેદન) ન લેવામાં આવ્યું જો કે વધુમાં જ્યાં સુધી આરોપીઓની ધરપકડ નહીં કરવામાં આવે ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારવામાં આવે.




આ અંગેની વિગતો મુજબ, વાંકાનેરના કોઠી મહિકા ગામે રહેતો યશ હરિભાઈ બાંભણીયા (ઉંમર ૧૬) તેના મોટા બાપુના બે દિકરા કલ્પેશ વિનોદભાઈ બાંભણીયા (ઉંમર ૨૩) તથા વિશાલ વિનોદભાઈ બાંભણીયા (ઉંમર ૨૦) ત્રણેય પિતરાઈ ભાઈઓ બુધવારે વહેલી સવારે વાડીએ સજોડે ઝેરી દવા પી લીધી હતી. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન યશ બાંભણીયાએ દમ તોડી દીધો હતો. બનાવ અંગે ત્રણેય યુવકોમાં પરિવારજનોએ જણાવ્યું હતું કે, છેલ્લા ૮૦ વર્ષથી જે જમીનમાં તેવો વાવેતર કરી રહ્યા છે તે જમીન લીઝમાં આવી હોવાનું કહીને ખનીજ માફિયા અને તેમના મળતિયાઓ દ્વારા છેલ્લા એક મહિનાથી ત્રાસ ગુજારવામાં આવી રહ્યો છે. તેમની સાથે ગામના સરપંચનો ભાઈ અને મામલતદાર (સર્કલ ઓફિસર) સહિતના મળી ગયેલા છે. બુધવારે ખનિજ માફિયાના ગુંડાઓ જમીન ખાલી કરાવવા માટે ત્રણેય યુવકોને ધમકાવ્યા હતા અને ગભરાઈને તેઓએ વાડીમાં જ દવા ગટગટાવી લીધી હતી.

બાંભણિયાનું મોત નીપજતા રાજકોટ સિવિલ હોસ્પિટલે સમાજના આવેગવાનો આવી પહોંચ્યા હતા. વધુમાં મૃતકના પિતા માનસિક અસ્થિર હોય અને તે બે ભાઈમાં મોટો અને પરિવારનો આધારસ્તંભ હતા. ઘટનાને પગલે વાંકાનેર તાલુકા પોલીસ મથકનો સ્ટાફ રાજકોટ દોડી આવ્યો હતો જો કે પરિવારે જ્યાં સુધી આરોપીઓની ધરપકડ નહીં કરવામાં આવે ત્યાં સુધી લાશ સ્વીકારનો ઈનકાર કરી દીધો હતો. પરિવારે એવા પણ આક્ષેપો કર્યા હતા કે, તેમના પુત્રો ભાનમાં હતા ત્યારે ડી.ડી. (મરણમુખ નિવેદન) લેવામાં ન આવ્યું જેનો સીધો ફાયદો આરોપીઓને મળી શકે હાલ સારવારમાં રહેલા બંને યુવકોની પણ હાલત અતિ ગંભીર હોય અને હાલ વેન્ટિલેટર ઉપર હોવાનું સામે એ આવ્યું છે. બનાવ અંગે પરિવારજનમાં શોકની સાથે તંત્ર સામે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.

# રાજકોટના યુવકે ૨.૩૦ લાખ આપી લગ્ન કર્યા પણ દસમા દિવસે દુલ્હન ફરાર

### અમદાવાદના મેરેજ બ્યુરોના સંચાલક, યુવતી અને તેના સગા સામે છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના લગ્ન ઈચ્છુક યુવકે જીવન સાથીની શોધમાં અમદાવાદ મેરેજ બ્યુરોના સંચાલકનો સંપર્ક સોશિયલ મીડિયા મારફતે કર્યો હતો. પસંદગીનું પાત્ર સાથે લગ્ન કરવા તેના પરિવારને રોકડ ૨.૩૦ લાખ તેમજ કેટલાક ઘરેણા પણ આપ્યા હતા. લગ્નના ૧૦ દિવસ બાદ પિયરમાં રોકાવા માટે ગયેલી પરણિતા નવ મહિના પછી પણ પરત ન ફરતાં યુવકે અમદાવાદના મેરેજ બ્યુરોના સંચાલક, યુવતી અને તેના સગા સામે છેતરપિડીની ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગતો મુજબ, રૈયાધાર બંસીધર પાર્ક શેરી શેરી નંબર ત્રણમાં વિપુલ ગોપાલભાઈ લાઠીયાએ (ઉંમર ૩૭) નામના યુવકે યુનિવર્સિટી પોલીસ મથકમાં અમદાવાદના રાજુ ઠક્કર, હસમુખ મહેતા



(મેરેજ બ્યુરો સંચાલક), ચાંદની રમેશભાઈ રાઠોડ (પત્ની), સુશીલાબેન (સાસુ), રમેશ રાઠોડ (સસરા) સામે છેત્તરપિંડીની ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩ના ડિસેમ્બર મહિનામાં ફેસબુક ઉપર આવેલી એક જાહેરાત જોઈને તેણે અમદાવાદ જય માડી મેરેજ બ્યુરોના સંચાલક હસમુખ મહેતાના સંપર્કમાં આ આવ્યો હતો. હસમુખે વિપુલને અમદાવાદ મળવા માટે બોલાવેલ અને અહીં તેણે મેરેજ બ્યુરોના રજિસ્ટ્રેશન માટે ૧૧૦૦ ચૂકવ્યા સામે હસમુખે ૧૦૦ ટકા લગ્ન કરાવવી આપવાની ગેરંટી આપી હતી.

ફેબ્રુઆરી ૨૦૨૪ માં હસમુખે વિપુલને ફોન કરીને તેના લાયક પાત્ર હોય જેથી મળવા અમદાવાદ બોલાવેલ અહીં યુવતી પસંદ ન આવતા વિપુલે ના પાડી હતી. જો કે તત્કાલિક હજુ એક યુવતી છે તેમ કહીને તેના પરિચિત રાજુ ઠક્કરને ફોન કર્યો હતો. જે બાદ ચાંદની રાઠોડ નામની યુવતી તેના માતા સુશીલાબેન અને પિતા રમેશભાઈ સાથે જયમાડી મેરેજ બ્યુરો આવેલ અહીં વિપુલને ચાંદની પસંદ આવતા લગ્નની વાત થઈ હતી. એજ દિવસે વિપુલના પરિવારે શકુનના ૧૧૦૦ અને નાળિયેર આપેલા. પંદર દિવસ બાદ ચાંદની અને વિપુલના કોર્ટે મેરેજ થયા હતા અને નક્કી કર્યા મુજબ ચાંદનીના પરિવારને ૨.૩૦ લાખ ચૂકવ્યા હતા. રાજકોટ આવ્યા બાદ સોના ચાંદીના દાગીના લઈ આપ્યા જો કે ૧૦ દિવસ બાદ ચાંદની પિયરમાં રોકવા માટે કહીને ગઈ હતી. નવ મહિના સુધી પરત આવી ન હતી અને આખરે હવે રાજુ ઠક્કરે હવે ચાંદની નહીં આવે તમારે જે કરવું હોય તે કરી લ્યો તેવી વિપુલને ફોનમાં કહેતા યુનિવર્સિટી પોલીસ મથકમાં છેતરપિડીની ફરિયાદ નોંધાઈ હતી.